પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૪૨ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૮-૧૦-૨૦૨૨ શનિવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### દિલ્હીના શરાબ કૌભાંડમાં

## EDએ દિલ્હી, પંજાબ, હૈદરાબાદમાં ૩૫ જગ્યાએ દરોડા પાડી તપાસ હાથ ધરી

### આ પહેલા સપ્ટેમ્બર મહિનામાં બેની વ્યક્તિઓ અને સમીર મહેન્દ્રુ ધરપકડ કરી, ૧૬ સપ્ટેમ્બરે ૪૦ સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા હતા



નવીદિલ્હી,

દિલ્હીના દારૂ કૌભાંડમાં દરોડાની પ્રક્રિયા ચાલી રહી છે. આજે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ દિલ્હી સહિત હૈદરાબાદ અને પંજાબમાં ૩૫ સ્થળો પર દરોડા પાડ્યા છે. આ પહેલા સપ્ટેમ્બર મહિનામાં EDના દરોડામાં અત્યાર સુધીમાં દારૂ કૌભાંડમાં ૨ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

અગાઉ ૨૮ સપ્ટેમ્બરે EDએ સમીર મહેન્દ્રુની ધરપકડ કરી હતી. EDની એફઆઈઆર મુજબ, ઈન્ડોસ્પિરિટ્સના માલિક સમીર મહેન્દ્રુ દ્વારા સિસોદિયાના "નજીકના સહયોગીઓ"ને કરોડોમાં ઓછામાં ઓછી બે ચૂકવણી કરવામાં આવી હતી, જેઓ દારૂના વેપારીઓમાં કથિત રીતે એકસાઈઝ નીતિની રચના અને અમલીકરણમાં સામેલ હતા.

બીજી તરફ, સીબીઆઈ એફઆઈઆરમાં આરોપ છે કે ડેપ્યુટી સીએમ સિસોદિયાના કથિત સહયોગી અર્જુન પાંડેએ એન્ટરટેઈનમેન્ટ અને ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીના ભૂતપૂર્વ સીઈઓ વિજય નાયર વતી સમીર મહેન્દ્રુ પાસેથી લગભગ ૨-૪ કરોડ રૂપિયા રોકડા લીધા હતા.

અગાઉ ૬ સપ્ટેમ્બરે ઈડીએ દિલ્હી સહિત અનેક રાજ્યોમાં ૩૫ સ્થળો પર દરોડા પાડ્યા હતા. દિલ્હી ઉપરાંત ઈઙ્ખએ ગુરુગ્રામ, લખનૌ, હૈદરાબાદ, મુંબઈ, બેંગલુરુ અને પંજાબમાં પણ દરોડા પાડ્યા હતા. તપાસ એજન્સીના નિશાના પર દારૂના વેપારીઓ હતા. દિલ્હીના ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાના ઘરે ઈડીના દરોડામાં સામેલ નહોતું.

આ દરોડા પછી ૧૬ સપ્ટેમ્બરે ઈડીએ ૪૦ સ્થળો પર દરોડા પાડ્યા હતા. જેમાં હૈદરાબાદમાં ૨૫ અડ્ડાઓ પર દરોડા પાડવામાં આવ્યા હતા. આ સિવાય ઈઙ્ખએ લિકર પોલિસી કૌભાંડમાં દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈનની પણ પૂછપરછ કરી છે.મામલામાં ઈડીએ મની લોન્ડરિંગનો કેસ પણ દાખલ કર્યો છે. આ રાજ્યોમાં દારૂના કારોબારીઓ, વિતરકો અને સપ્લાય ચેઈન નેટવર્ક સાથે જોડાયેલ જગ્યાઓ પર દરોડા પાડવામાં આવી રહ્યા છે.ઈડીની કાર્યવાહી ત્યારે શરૂ થઈ, જ્યારે એજન્સીની ટીમોને મુખ્યાલયથી દરોડાવાળા સ્થાનો માટે નીકળતી જોવા મળી. દારૂ નીતિ મામલામાં જ અરેસ્ટ થયેલા આમ આદમી પાર્ટીના કોમ્યુનિકેશન ઈન્ચાર્જ અને બિઝનેસમેન વિજય નાયરને ગઈ કાલે (ગુરુવારે) દિલ્હીની અદાલતે બે અઠવાડિયા માટે ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધા હતા. પ્રોસિક્યુશન મુજબ, નાયરે અન્ય લોકો સાથે મળીને ગુનાહિત કાવતરું ઘડ્યું હતું, જેનો એક ભાગ દિલ્હી સરકારની આબકારી નીતિ, ૨૦૨૧-૨૦૨૨ ઘડીને લાગુ કરવામાં આવ્યો હતો. ફરિયાદ પક્ષે દાવો કર્યો છે કે તેનો ઈરાદો સરકારને છેતરીને દારૂના ઉત્પાદકો અને તેના વિતરકોને અનુચિત અને ગેરકાયદેસર લાભ આપવાનો હતો અને આ નીતિના પરિણામે સરકારને મોટી આવકનું નુકસાન થયું હતું.

સીબીઆઈએ નાયબ મુખ્યમંત્રી મનીષ સહિત લોક સેવકો અને અન્ય અજ્ઞાત લોકો સામે ભારતીય દંડ સંહિતા અને અન્ય ભ્રષ્ટાચાર નિરોક્ષક કાયદાઓ હેઠળ મામલો દાખલ કર્યો હતો. એફઆઈઆર મુજબ, આરોપી જાહેર સેવકોએ સક્ષમ અધિકારીઓની પરવાનગી લીધા વિના આબકારી નીતિ અંગે નિર્ણય લેવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

એફઆઈઆરમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે આરોપીનો ઈરાદો દારૂના લાયસન્સધારકોને અયોગ્ય ફાયદો કરાવવાનો હતો.મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલની આગેવાની હેઠળની દિલ્હી સરકારે ૧૭ નવેમ્બર, ૨૦૨૧ના રોજ લાગુ કરાયેલ તેની નવી આબકારી નીતિ પાછી ખેંચીને ૧ સપ્ટેમ્બર, ૨૦૨૨ થી જૂની એક્સાઈઝ સિસ્ટમને પુનઃસ્થાપિત કરી હતી.

રેડ બાદ દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે ટ્વિટ કરીને ગંદા રાજકારણ માટે અધિકારીઓનો સમય બરબાદ કરાઈ રહ્યો હોવાનો આક્ષેપ કર્યો હતો. આ સાથે જ તેમણે સીબીઆઈ અને ઈડીના ૩૦૦થી વધારે અધિકારીઓ ૨૪ કલાક મનીષ સિસોદિયા વિરૂદ્ધ પુરાવા શોધવા પ્રયત્ન કરી રહ્યા છે પરંતુ કશું કર્યું નથી માટે તેમને કશું નથી મળી રહ્યું તેવો બચાવ કર્યો હતો અને ૫૦૦થી વધુ સ્થળોએ પાડવામાં આવેલા દરોડાઓનો પણ ઉલ્લેખ કર્યો હતો.

## ૨૦૨૬માં પહેલી બુલેટ ટ્રેન દોડશે : અમદાવાદમાં કેન્દ્રીય રેલવે મંત્રીની જાહેરાત




અમદાવાદ,

કેન્દ્રીય રેલવેમંત્રી અશ્વિની વૈષ્ણવ બે દિવસ ગુજરાતની મુલાકાતે આવ્યા છે. તેઓ આજે અમદાવાદ ગુજરાત યુનિવર્સિટીમાં યુવાબોર્ડના કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા અને યુવાનો સાથે સંવાદ કર્યો હતો. તેમણે રેલવેમાં થયેલા ફેરફાર અને ભવિષ્યમાં આવનાર બદલાવને લઈને યુવાનોને માહિતી આપી હતી.

કેન્દ્રીય રેલવેમંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, દેશમાં રોજના અઢી કરોડ લોકો મુસાફરી કરે છે, ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાં વર્લ્ડ કલાસ રેલવે સ્ટેશન બનાવવાનું કહ્યું છે. દેશમાં ૧૯૯ વર્લ્ડ કલાસ રેલવે સ્ટેશન બનાવવામાં આવશે. ૧૩૪ માસ્ટર પ્લાનની તૈયારી ચાલી રહી છે. ૬૫ ડિઝાઈન એપ્રવુલ થઈ ગયા છે. ૪૭ સ્ટેશનના ટેન્ડર ઈશ્યુ કરવામાં આવ્યા છે અને ૩૪ કામ ચાલી રહ્યું છે. આગામી ૫૦ વર્ષને ધ્યાને રાખી રેલવે સ્ટેશનની ડિઝાઈન બનાવવામાં આવી છે.

અમદાવાદ કાલુપુર રેલવે સ્ટેશની કાયાપલટ થશે અને વર્લ્ડ કલાસ રેલવે સ્ટેશન બનશે. અમદાવાદ સ્ટેશન નીચે ટ્રેક, બાદમાં પિલર, રુફ અને રોડ કનેક્ટિવિટી થશે. બાદમાં ૩ માળ રુફ અને છત પર પૂરું સોલાર બનશે. રેલવે સ્ટેશનની ડિઝાઈન ફાઈનલ થઈ ગઈ છે. ૧૨ દિવસ પહેલા પીએમએ કેબિનેટમાં મંજૂરી આપી છે. આજે અથવા બે થી ૩ દિવસમાં ટેન્ડર નીકળશે.

વંદે ભારત ટ્રેનની ડિઝાઈન તૈયાર કરાઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વંદે ભારત ૩ બનાવવા પણ કહી દીધું છે. વંદે ભારત ૩ ટ્રેન વજનમાં હલકી અને ૨૨૦ની સ્પીડે ચાલશે. હાલની વંદે ભારત ટ્રેન ૧૮૦ ની સ્પીડે ચાલે છે. કવચ સિસ્ટમ સાથે આગામી ટ્રેનનું નિર્માણ થશે. કવચ સિસ્ટમ એટલે કે એક ટ્રેક પર બે ટ્રેન સામ-સામે આવે ત્યારે કવચ ટ્રેન ૩૮૦ મીટરની દૂરી પર જાતે રોકાઈ જાય છે. જેનો ડેમો કરવામાં આવ્યો છે.

બુલેટ ટ્રેનનું કામ બુલેટ ગતિએ ચાલી રહ્યું છે અને ૯૨ જેટલા પિલર તૈયાર કરી દેવામાં આવ્યા છે. તેમજ બુલેટ ટ્રેન સ્ટેશનની બિલ્ડીંગ બનવાનું કામ પણ ચાલી રહ્યું છે. અમદાવાદના સાબરમતી મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ બિલ્ડીંગનું કામ પણ ચાલી રહ્યું છે. ૨૦૨૬માં દેશમાં પહેલી બુલેટ ટ્રેન ચાલશે.

## ચૂંટણીમાં એક વ્યક્તિ, એક બેઠક નો નિયમ લાગુ થવો જોઈએ, ચુંટણી પંચે કાયદા મંત્રાલયને પ્રસ્તાવ મોકલ્યો

નવીદિલ્હી,

નવા મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારના આવ્યા બાદ 'એક વ્યકિત એક સીટ' નિયમ લાગુ કરવાના પ્રસ્તાવ પર ચૂંટણી પંચે ખૂબ જોર આપ્યુ છે. પહેલી વખત ૨૦૦૪માં આ પ્રસ્તાવ ઈલેકશન કમિશને કેન્દ્ર સરકારને મોકલ્યો હતો પરંતુ ૧૮ વર્ષમાં આ નિયમને લાગુ કરવાના સંબંધમાં અમુક પ્રગતિ થઈ શકી નહોતી.

હવે એકવાર ફરી ચૂંટણી પંચે નવી રીતે આ નિયમને લાગુ કરાવવા પર જોર આપવાનુ શરૂ કર્યુ છે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે એકવાર ફરી આ પ્રસ્તાવ વિચાર માટે કેન્દ્રની પાસે મોકલ્યો છે. સાથે જ કેન્દ્રીય કાયદા મંત્રાલયની સાથે આ મુદ્દે ઈલેક્શન કમિશનની ચર્ચા ચાલુ છે.

ચૂંટણીમાં એક વ્યક્તિ એક સીટ નિયમ લાગુ કરવા માટે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧માં પરિવર્તન કરવુ પડશે. વર્તમાનમાં જનપ્રતિનિધિત્વ કાનૂનના સેક્શન ૩૩ (૭)માં હાજર નિયમો અનુસાર એક વ્યક્તિ બે બેઠકો પરથી ચૂંટણી લડી શકે છે.

જ્યારે ૨૦૦૪માં પહેલીવાર ચૂંટણી પંચે કેન્દ્ર સરકાર પાસે એક વ્યક્તિ એક બેઠકનો પ્રસ્તાવ મોકલ્યો હતો અને તર્ક આપ્યો હતો કે જો એક વ્યક્તિ ૨ બેઠકો પર ચૂંટણી લડે છે અને બંને જગ્યાએથી જીત્યા બાદ એક સીટ ખાલી કરે છે તો પેટાચૂંટણી કરાવવામાં પાછો ખર્ચો આવે છે. એક રીતે આ રૂપિયાનો દુરુપયોગ છે. આને જોતા સીટ છોડનાર ચૂંટાયેલા ઉમેદવારે સરકારના ખાતામાં ચોક્કસ રકમ જમા કરાવવા માટે નિયમ બનાવવાની ભલામણ ચૂંટણી પંચે કરી હતી.

એક વ્યકિત એક સીટના પ્રસ્તાવ પાછળ ચૂંટણી પંચનો તર્ક એ છે કે આનાથી પેટા ચૂંટણીની સ્થિતિ ઉભી થશે નહીં અને સરકારી ખજાના પર પડનારો નાણાકીય બોજો ઓછો કરી શકાશે. અમુક વર્ષ પહેલા કોઈ પણ ઉમેદવારનુ એકથી વધારે સીટ પરથી ચૂંટણી લડવા વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં દાખલ અરજી પર પોતાનો પક્ષ મૂકતા ચૂંટણી પંચે એક ઉમેદવાર-એક સીટ પર ચૂંટણી લડવાનુ સમર્થન કર્યુ હતુ.

## PFI પર પ્રતિબંધ વાજબી છે કે કેમ તે નક્કી કરવા માટે કેન્દ્ર સરકારે ટ્રિબ્યુનલની રચના કરી

નવીદિલ્હી,

પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા (પીએફઆઈ) અને આઠ સહયોગી જૂથોને ગેરકાયદેસર કરવા માટે પૂરતા આધાર ઉપલબ્ધ છે કે કેમ તે નક્કી કરવા માટે કેન્દ્રએ ગુરુવારે દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશ દિનેશ કુમાર શર્માની બનેલી ટ્રિબ્યુનલની રચના કરી હતી.

નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું છે કે, "કેન્દ્ર સરકાર આથી એક ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (પ્રિવેન્શન) ટ્રિબ્યુનલની રચના કરે છે, જેમાં દિલ્હી હાઈકોર્ટના જસ્ટિસ દિનેશ કુમાર શર્માનો સમાવેશ થાય છે, તે નક્કી કરવાના હેતુથી કે શું પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા અને તેની આનુષંગિકો અથવા સહયોગી રિહેબ ઈન્ડિયા ફાઉન્ડેશન, કેમ્પસ ફ્રન્ટ ઓફ ઈન્ડિયા, ઓલ ઈન્ડિયા ઈમામ કાઉન્સિલ, નેશનલ કોન્ફેડરેશન ઓફ હ્યુમન રાઈટ્સ ઓર્ગેનાઈઝેશન, નેશનલ વુમન્સ ફ્રન્ટ, જુનિયર ફ્રન્ટ, એમ્પાવર ઈન્ડિયા ફાઉન્ડેશન અને રિહેબ ફાઉન્ડેશન, કેરળ જાહેર કરવા માટે પૂરતું કારણ છે કે કેમ અને આ પ્રતિબંધ ન્યાયોચિત છે કેમ તે માટે ટ્રીબ્યુનલનું ગઠન કરવામાં આવ્યું છે.

પીએફઆઈ અને તેની આનુષંગિકોને ૨૮ સપ્ટેમ્બરે વૈશ્વિક આતંકવાદી જૂથો સાથેના કથિત સંબંધો અને દેશની અંદર વિધ્વંસક પ્રવૃત્તિઓ માટે આતંકવાદ વિરોધી કાયદા યુએપીએ હેઠળ પ્રતિબંધિત જાહેર કરવામાં આવ્યા હતા.

## ગુજરાતમાં તા. ૨૨ બાદ ગમે તે દિવસે વિધાનસભા ચૂંટણીની જાહેરાતની તૈયારી

ગાંધીનગર,

ગુજરાતમાં હવે એક તરફ ભારતીય જનતા પક્ષે ચૂંટણીની જાહેરાત પૂર્વે વડાપ્રધાન તથા કેન્દ્રીય મંત્રીઓના સતાવાર પ્રવાસો વધવા લાગ્યા છે અને તા. ૨૨ના રોજ રાજ્યમાં જે ડિફેન્સ એક્સ્પો સંપન્ન થાય તે બાદ ગમે ત્યારે ધારાસભા ચૂંટણીની જાહેરાત ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવશે. હવે આગામી એક પખવાડિયામાં વડાપ્રધાન ઉપરાંત કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપના વરિષ્ઠ નેતાઓના રાજ્યના પ્રવાસોમાં થઈ રહેલા સતત વધારા બાદ દિવાળી પહેલા જ ચૂંટણીની જાહેરાત થઈ જાય તેવા સંકેત છે. ભાજપ પણ હવે તેના ભરતી મેળામાં ઝડપ કરી છે અને રાજ્ય સરકાર પણ અનેક જિલ્લાઓમાં ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરી રહી છે અને દિવાળી પૂર્વે ગરીબ કલ્યાણ મેળાથી લાભાર્થીઓને રોકડ અને અન્ય સહાયો આપવામાં આવશે. ત્યારબાદ તા. ૨૩થી ચૂંટણી જાહેરાતનું કાઉન્ટ ડાઉન શરુ થઈ જાય તેવી શક્યતા છે. ભાજપની ગુજરાત ગૌરવ યાત્રા પણ તા. ૧૨ અને ૧૩ બાદ તા. ૨૦ સુધી ચાલશે. તા. ૧૭ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો તા. ૧૯નો રાજકોટ પ્રવાસ એ ચૂંટણી પહેલાનો અંતિમ સતાવાર પ્રવાસ બની રહે તેવું માનવામાં આવે છે અને ત્યારબાદ દિવાળીના તહેવારો અને નવા વર્ષના પ્રારંભ બાદ તા. ૨૬ના રોજ ચૂંટણીની જાહેરાત થઈ શકે છે. રાજ્ય સરકારે પણ હાલમાં જ તમામ વિભાગોને જે કાંઈ પેન્ડીંગ હોય તે તમામ સતાવાર કામો એક પખવાડિયામાં કરવા જણાવાયુંછે અને તેથી જ સમગ્ર તંત્ર પણ હવે ચૂંટણી મોડમાં આવી ગયુંછે. એક વખત ચૂંટણી જાહેર થયા બાદ એક તરફ ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા પુરી થશે અને ભાજપે તેના તમામ રાજય એકમોને ગુજરાતમાં પ્રચાર માટે કાર્યકર્તાઓને મોકલવાનીફ સૂચના આપી દીધી છે અને રાજયવાર યાદી પણ તૈયાર થઈ ગઈ છે જેમાં ઉતરપ્રદેશના ૫૦થી વધુ ધારાસભ્યો સૌરાષ્ટ્રમાં મુકામ કરશે.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

ઈસ્માઈલ સીદીક

અ.મજીદ

તરફથી અભીનંદન....

મુ. નદીપાર-ગોન્દ્રા,
તા. ગોધરા,
જી. પંચમહાલ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક


૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

શેખ ફારુકભાઈ

રસુલભાઈ

તરફથી અભીનંદન....

મુ. ગઢ,
તા. ગોધરા,
જી. પંચમહાલ



# સંત રવિદાસ રોહિત સમાજ વિકાસ ટ્રસ્ટના કારોબારી સભ્યોની મીટીંગ સંતરામપુર ખાતે યોજાઈ


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

રોહીદાસ સમાજના ચાર પરગણાના સામાજિક ઉત્થાન માટે સંત રવિદાસ રોહિત સમાજ વિકાસ ટ્રસ્ટ સંતરામપુર કાર્યરત છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિએ હરણફાળ ભરી રહેલા યુગમાં સમય પ્રમાણે પરિવર્તન આવશ્યક છે. ત્યારે રોહિત સમાજ પછાત રહે નહીં તે હેતુથી સમાજના આગેવાનો દ્વારા ચાર પરગણાના સભ્યોને સંગઠિત કરી પરિવર્તન લાવવા રોહિત સમાજ ટ્રસ્ટ કાર્યરત છે અને આ ટ્રસ્ટમાં રોહિત સમાજના વધુને વધુ સભ્યો જોડાઈ રહ્યા છે. આવનાર સમયમાં ચાર પરગણા માટે સંતરામપુર ખાતે ટ્રસ્ટના ભવનનું નિર્માણ થનાર હોવાનું પણ જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ રોહિત સમાજના સામાજિક વિકાસ માટે ચાર પરગણા જેમાં સુતિયા,મિયોઢ, બારીયા તથા છત્રી પરગણાનું સંત રવિદાસ રોહિત સમાજ વિકાસ ટ્રસ્ટ સંતરામપુર ખાતે કાર્યરત છે. જેની ગતરોજ ટ્રસ્ટના પ્રમુખ અને સંતરામપુર નિવાસી ગનાભાઈ ભુનાતરના નિવાસ્થાને કારોબારી સભ્યોની મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ચાર પરગણાના આગેવાનોએ હાજર રહી સમાજમાં પરિવર્તન લાવવા ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. તેમજ વંશ પરંપરાગત સમયથી ચાલતા આવેલા કેટલાક રીતરિવાજોને સમાજમાંથી દૂર કરવા તથા લગ્ન, મરણ તેમજ અન્ય પ્રસંગોમાં જે ખોટા ખર્ચ કરવામાં આવે છે અને જેના લીધે સમાજ પાછળ પડતો જાય છે. તેવા પરિબળોને તિલાંજલિ આપવા માટે ચર્ચા કરવામાં આવી હતી. આવનાર સમયમાં રોહિત સમાજના ચાર પરગણાના તમામ સભ્યો માટે સંતરામપુર ખાતે મીટીંગનું આયોજન કરવામાં આવનાર હોવાનું પણ જાણવા મળે છે.

નોંધનીય બાબત છે કે, સંત રવિદાસ રોહિત સમાજ વિકાસ ટ્રસ્ટ સંતરામપુર ભવનનું સંતરામપુર ખાતે બાંધકામ કરવા માટે બે ગુંઠા જમીનની માંગણી કરવામાં આવેલ હોવાનું જાણવા મળે છે. તેના માટે જવાબદરો દ્વારા માપણી કરવામાં આવેલ હોવાનું કારોબારી સભ્યો દ્વારા જાણવા મળે છે. ભવનના નિર્માણ માટે ટ્રસ્ટને જમીનનો કબજો સોંપતા રોહિત સમાજ ભવન નિર્માણ કરવામાં આવશે તેમ પણ જાણવા મળે છે.

રોહિત સમાજના સંત રવિદાસ રોહિત સમાજ વિકાસ ટ્રસ્ટ સંતરામપુરની મિટિંગમાં ટ્રસ્ટના પ્રમુખ ગનાભાઈ ગુનેતર, મંત્રી ગણેશભાઈ બામણીયા, ઉપપ્રમુખ દેવચંદભાઈ પરમાર, ઉપપ્રમુખ નાનજીભાઈ સોલંકી, કારોબારી સભ્ય કાળુભાઈ સોલંકી તથા ખજાનચી ભુલાભાઈ પરમાર સહિત ચાર પરગણાના કારોબારી આગેવાનોએ મિટિંગમાં હાજર રહી સમાજ માટેની વિવિધ ચર્ચા વિચારણાઓ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

# સંતરામપુર ખાતે રવિવારે ઈદે મિલાદ મનાવવામાં આવશે



સંતરામપુર,

સંતરામપુર નગરમાં રવિવારના રોજ જસને ઈદે મિલાદુન નબીની મનાવવામાં આવશે. જુમ્મા મસ્જિદ પાસે સવારે ૮:૦૦ કલાકે જુલુસ કાઢવામાં આવશે. જુમ્મા મસ્જિદ, ટાવર રોડ, ભોઈવાડા, લુણાવાડા રોડ, બસ સ્ટેન્ડ ચાર રસ્તા વિવિધ માર્ગો પર ફરીને જુલુસ કાઢવામાં આવશે. નગરના વિવિધ વિસ્તારોમાં ડેકોરેશનથી વિસ્તારો સજાવવામાં આવેલા બસ સ્ટેન્ડ ચાર રસ્તા પાસે મદીના ગેટ પણ ઉભો કરવામાં આવેલો હતો. વાડી વિસ્તારમાં ત્રણ દિવસનો નાના બાળકોનો જલસાનું આયોજન કરવામાં આવ્યું.

# જિલ્લા કક્ષાના ૬૮માં વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી એસ.પી. ગ્રાઉન્ડ સંતરામપુર ખાતે કરવામાં આવી


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહીસાગર,

૨ ઓકટોબર થી ૮ ઓકટોબર સુધી વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી થઈ રહી છે. ત્યારે સંતરામપુર એસ.પી. ગ્રાઉન્ડ ખાતે ઉજવણીની ભાગ રૂપે ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીંડોરની અધ્યક્ષતામાં કાર્યક્રમ યોજાયો.

આ પ્રસંગે ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીંડોરે જણાવ્યું હતું કે, આજે આપડે વન્યજીવ સપ્તાહ ઉજવણી કરી રહ્યા છે. ત્યારે આપણા જિલ્લાના દીપડાનું પાલન પોષણ કરવાનું કામ આપણું પણ છે. જિલ્લાના નાગરિકોના પાલતુ પશુઓના વન્યજીઓ દ્વારા મારણ થયેલ છે. તેવા ૧૩ મહીસાગર વાસીઓને આ કાર્યક્રમ અંતર્ગત કુલ ૧,૪૫,૦૦૦ના ચેક વિતરણ તથા જિલ્લાના પશુ પ્રેમી ૧૬ લોકોને પશુઓના રેસ્ક્યુ, દવા, અને સુરક્ષા પ્રદાન કરવા બદલ પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યા.

આ પ્રસંગે મહીસાગર નાયબ વન સરક્ષક એન વી ચૌધરી દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય કાળુભાઇ માલિવાડ, અગ્રણી દશરથભાઈ બારીયા, નગરપાલિકા પ્રમુખ, તાલુકા પંચાયત પ્રમુખ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# મને ગમતી શાળા નરસીંગપુર મુખ્ય પ્રાથમિક શાળા ખાતે વન્ય જીવ સપ્તાહ ઉજવણી અંતર્ગત નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

મહીસાગર જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત સંતરામપુર તાલુકાની પાદરી ફળીયા પગાર કેન્દ્રની મને ગમતી શાળા નરસીંગપુર મુખ્ય પ્રાથમિક શાળા ખાતે નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. હાલમાં ચાલી રહેલ તા. ૨ ઓક્ટોબર થી તા. ૮ ઓક્ટોબર ૨૦૨૨ દરમ્યાન વન્ય જીવ સપ્તાહ ઉજવણી અંતર્ગત સંતરામપુર ફોરેસ્ટ વિભાગ તરફથી અત્રેની શાળામાં નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. વન્ય જીવોનું મહત્વ, વન્ય જીવોની માનવ સમાજમાં ઉપયોગિતા વગેરે જેવા વિષય પર માર્ગદર્શન આપી નિબંધ લેખન સ્પર્ધા યોજવામાં આવેલ. શાળાના ૫૦ બાળકોએ આ સ્પર્ધામાં ભાગ લીધેલ. એ તમામ પૈકી પ્રથમ નંબરે યુવરાજ તાવિયાડ ધોરણ-૫, બીજા નંબરે રોહિત રાવળ ધોરણ-૭ અને ત્રીજા નંબરે તાવિયાડ દિવ્યા ધોરણ-૬ના નિબંધોને પસંદ કરી આ ત્રણેય બાળકોને ઈનામો અને ભાગ લેનાર તમામ બાળકોને પ્રોત્સાહન ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

# પેટ્રોલ-ડીઝલના ભાવ ૬ મહિના સુધી ઘટે તેવા એંધાણ નથી

નવીદિલ્હી,

ક્રૂડના આંતરરાષ્ટ્રીય લેવલે ભાવમાં ભયંકર વધારો થઈ રહ્યો છે અને બીજી બાજુ ઓપેક દ્વારા ઉત્પાદનમાં ઘટાડો કરવાની જાહેરાત કરવામાં આવી છે ત્યારે બજારના નિષ્ણાંતોએ એવી દહેશત વ્યકત કરી છે કે છ મહિના સુધી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો નહીં થાય તેવો પૂરેપૂરો ખતરો તોળાઈ રહ્યો છે.

ઓઈલ પ્રોડુસિંગ દેશો દ્વારા ઉત્પાદનમાં મોટાપાયે ઘટાડો કરવાની સંમતિ દર્શાવવામાં આવી છે ત્યારે તેની ભારે મોટી અસર ભારતમાં થઈ શકે છે અને પેટ્રોલ ડીઝલના ભાવમાં ભારત સહિતના અનેક દેશોમાં કોઈ ઘટાડો થઈ શકે તેવી પરિસ્થિતિ નહીં રહે તેવી પૂરેપૂરી સંભાવના નિષ્ણાતો દ્વારા વ્યકત કરવામાં આવી રહી છે.

ઓઈલના ઉત્પાદક દેશો દ્વારા દરરોજ બે મિલિયન બેરલ ના ઉત્પાદનના ઘટાડા માટે સંમતિ આપવામાં આવી છે અને તેને પગલે ભારે મોટી ઉપાધિ ઉભી થઈ શકે છે અને આ દેશો રિકવરી કરવા માંગે છે અને તેને પગલે એમણે ઉત્પાદનમાં ઘટાડો કરવાની સંમતિ આપી છે ત્યારે પેટ્રોલ અને ડીઝલમાં ભાવ ઘટાડાની રાહ જોઈ રહેલા લોકોને લાંબો ઈન્તજાર કરવો પડશે તેવું દેખાઈ રહ્યું છે.

જોકે ભારત જેવા દેશો માટે આ અત્યતં ચિંતાજનક સમાચાર કે કારણ કે પાછલા દિવસો દરમિયાન યારે ક્રૂડના ભાવમાં ઘટાડાનો દોર ચાલ્યો હતો ત્યારે ભારતને ઈમ્પોર્ટ બીલ માં ઘટાડો કરવાની તક મળી હતી અને ખોટ ને સરભર કરવાનો અવકાશ મળ્યો હતો પરંતુ હવે આગામી દિવસોમાં ભારતમાં તેની વિપરીત અસર રહી શકે છે અને ઉત્પાદનમાં ઘટાડો કરવાથી ભારતમાં પણ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો કરવામાં ભારે મોટી મુશ્કેલી સર્જાઈ શકે છે.

નિષ્ણાંતોએ એમ કહ્યું છે કે ભારતનો પિયો ડોલરની સામે સતત પાછળ રહ્યો છે ત્યારે ક્રૂડના ભાવ વધારાની ભારે મોટી વિપરીત અસર રહેવાની છે ક્રૂડને રિફાઈન્ડ કરીને પેટ્રોલ ડીઝલ અને અન્ય ઉત્પાદનો તૈયાર કરવામાં આવે છે ત્યારે ભારતને આગામી દિવસોમાં મોટાપાયે તકલીફ પડી શકે છે.

# વિશ્વની સૌથી ઉચી ૩૬૯ ફુટની શિવ પ્રતિમાનું નાથદ્વારામાં લોકાર્પણ કરવામાં આવશે



નાથદ્વારા,

રાજસ્થાન પોતાની શૌર્ય, બલિદાન,ભક્તિની સાથે જ આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વિરાસતના કારણે દેશ વિદેશના લોકોને આકર્ષિત કરે છે ત્યારે એક વધુ અધ્યાય વિશ્વ પટલ જોવા મળશે. રાજસ્થાનના રાજસમંદ જીલ્લાના નાથદ્વારામાં શ્રીનાથજીની પાવન ધરતી ઉપર ૩૬૯ ફુટની વિશ્વની સૌથી ઉચી શિવ પ્રતિમા વિશ્વાસ સ્વરૂપમનું લોકાર્પણ મહોત્સવ ૨૯ ઓકટોબરથી છ નવેમ્બર સુધી આયોજિત કરવામાં આવ્યો છે.

સંત કૃપા સનાતન સંસ્થાનના ટ્રસ્ટી મદન પાલીવાલે કહ્યું હતું કે મહાદેવના આ મહા મહોત્સવમાં નવ દિવસ સુધી ધાર્મિક, આધ્યાત્મિક, સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.મુરારી બાપુની નવ દિવસીય રામકથા પણ મહોત્સવમાં આયોજીત કરવામાં આવી છે.આ ઉપરાંત દેશ વિદેશના લોકો પણ આયોજનમાં ભાગ લેશે. મદન પાલીવાલે વર્ષો પહેલા શ્રીજીની નગરીમાં ભગવાન શિવની અલ્લડ મુદ્રામાં વિશ્વની સૌથી મોટી શિવ મૂર્તિ બનાવવાનો ડ્રીમ પ્રોજેકટ તૈયાર કર્યો હતો આ હવે પુરો થવા જઈ રહ્યો છે.

તેમણે કહ્યું હતું કે શ્રીજીની નગરીમાં સ્થાપિત ભગવાન શિવની આ અદ્ભૂત પ્રતિમા લોકોના આકર્ષણની સાથે જ દેશ અને રાજસ્થાનના પર્યટનમાં એક નવો અધ્યાય સ્થાપિત કરશે નાથદ્વારાની ગણેશ ટેકરી પર બનેલ ૩૬૯ ફુટની ઉચી આ પ્રતિમા ડ્રીમ પ્રોજેકટનો હિસ્સો રહી છે.૫૧ વીધાની પહાડી પર બનેલ આ પ્રતિમામાં ભગવાન શિવ ધ્યાન અને અલ્લડની મુદ્રામાં બિરાજીત છે જે ૨૦ કિલોમીટર દુરથી જોવા મળશે. રાત્રે પણ આ પ્રતિમા સ્પષ્ટ રીતે જોવા મળશે તેના માટે વિશેષ લાઈટથી તેને સજજ કરવામાં આવી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ૨૯ ઓકટોબરથી છ નવેમ્બર સુધી નાથદ્વારામાં આયોજિત થનાર આ મહોત્સવમાં મુરોરી બાપુના પ્રવચનોની સાથે આસ્થા,સંસ્કૃતિ,સંગીત અને કલાનું મહાસંગમ ઉભો થશે.સંત કૃપા સનાતન સંસ્થા તરફફથી આયોજિત આ મહોત્સવનો નજારો મહાકુંભથી ઓછો હશે નહીં શ્રીનાથજીની પાવન ધરા પર શ્રધ્ધાળુઓ મોટી સંખ્યામાં હાજર રહેશે. શ્રધ્ધાળુઓને કોઈ મુશ્કેલી ન પડે તેના માટે તમામ તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.અહીં ભોજનાલય પણ બનાવવામાં આવ્યું છે. મંડપ જર્મન ટેકનીકથી બનાવવામાં આવ્યો છે. જેમાં શ્રધ્ધાળુઓ કથા શ્રવણ કરશે સમગ્ર નગરીમાં રોશની લગાવવામાં આવશે.આ ભવ્ય આયોજનને લઈ સામાન્ય નાગરિકોમાં ખુબ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.કહેવાય છે કે દરરોજ લગભગ ૫૦થી ૬૦ હજાર શ્રધ્ધાળુઓ મુરારી બાપુની કથા સાંભળવા માટે આવશે અને બાપુની વ્યાસપીઠનો નજારો પણ આકર્ષિકનું કેન્દ્ર બનશે.

# મોરબીમાં ગેસની કાળાબજારીનો પર્દાફાશ, LCB ટીમે આરોપીને ધરપકડ કરી

મોરબી,

ગેસ કટિંગ કરવાના કોભાંડનો પર્દાફાશ થયો છે. મોરબી તાલુકાના બહાદુરગઢ ગામની સીમમાં અનઅધિકૃત રીતે ગેસ ટેક્કરમાં થી ગેસ કટિંગ કરી ગેસનો જથ્થો ગેસના સિલેંડરમાં ભરી કાળાબજારમાં વેચવાનો ગોરખધંધોનો કરવામાં આવી રહ્યો હતો. મોરબી એલસીબી ટીમે પેટ્રોલિંગ દરમિયાન.આ કોભાંડનો પર્દાફાશ કર્યો હતો જેમાં ગેસ ભરેલ ટેક્કર, ખાલી સિલેંડર, બોલેરો કાર, મોબાઈલ અને ગેસ કાઢવાના સાધનો સહીત કુલ ૨૯.૮૫ લાખનો મુદામાલ જપ્ત કરી ત્રણ આરોપીને ઝડપી લીધા છે અને આ અંગે વધુ તપાસ હાથ ધરી છે. મોરબી એલસીબી ટીમ પેટ્રોલિંગમાં હોય દરમિયાન બહાદુરગઢ ગામના પાટિયા સામે આવેલ શેરે પંજાબ હોટલ નજીક અવધ વે બ્રીજ પાછળ સીમમાં ખુલ્લી જગ્યામાં જીજ્ઞેશ ઉર્ફે લાલો મેરામભાઈ, પ્રદીપ ઉર્ફે લાલો મુળુભાઈ આહીર રહે બંને રાજકોટ વાળા રાત્રીના હાઈવે પરથી આવતા જતા ગેસ ટેક્કરના ડ્રાઈવર સાથે મિલીભગતથી ગેસ ટેક્કરમાંથી ગેસ કટિંગ કરી ગેસનો જથ્થો ગેસના સિલેંડરમાં ભરી કાળાબજારમાં વેચવાનો ગોરખધંધો ચલાવતા હતા જ્યાં રેડ કરી પોલીસે ગેસ કટિંગ કોભાંડ ઝડપી લીધું હતું. જ્યાં સ્થળ પરથી એલસીબી ટીમે ગેસ ભરેલ ટેક્કર એચઆર ૩૮ ટી ૦૮૫૩ ગેસના જથ્થા સહીત કુલ રૂ ૨૬,૧૨,૪૨૪ ગેસના સિલેંડર નંગ ૨૮ કીમત રૂ ૫૬,૦૦૦ બોલેરો ગાડી જીજે ૦૩ બીવી ૮૦૫૨ કીમત રૂ ૩ લાખ, ઈલેક્ટ્રિક વજન કાંટો, રબ્બર વાલ્વવાળી પાઈપ કીમત રૂ ૨૦૦૦ અને મોબાઈલ નંગ ૦૩ કીમત રૂ ૧૫,૦૦૦ મળીને કુલ રૂ ૨૯,૮૫,૪૨૪ નો મુદામાલ જપ્ત કરવામાં આવ્યો છે તેમજ રેડ દરમિયાન આરોપી રામસિંગ વિજયસિંગ રાઠોડ (ઉ.વ.૫૮) રહે જોધપુર રાજસ્થાન તથા જીજ્ઞેશ ઉર્ફે લાલો મેરામભાઈ લોખીલ (ઉ.વ.૨૬) અને પ્રદીપ ઉર્ફે લાલો મુળુભાઈ અવાડીયા (ઉ.વ.૩૫) રહે બંને શ્રીનાથજી સોસાયટી મવડી રોડ રાજકોટ વાળા એમ ત્રણ આરોપીને ઝડપી લેવામાં આવ્યા છે.

## આપની આજ.......

મેષ : આજે મન પ્રસન્ન રહેશે અને ધર્મ અને આધ્યાત્મિકતામાં તમારી શ્રદ્ધા વધશે. વેપાર અને વ્યવસાય આજે સામાન્ય કરતાં વધુ સારી રીતે આગળ વધશે, પરંતુ આર્થિક બાબતોમાં ઝડપથી કોઈ પર વિશ્વાસ ન કરો, નહીં તો નુકસાન થવાની સંભાવના છે.

વૃષભ : આજનો દિવસ તમારા માટે લાભ લાવશે પરંતુ તમારે કોઈ ચોક્કસ કાર્યની રાહ જોવી પડશે. તે પછી જ આપણે કાર્યના સફળ વિસ્તરણની યોજના કરી શકીશું.

મિથુન : તમારા માટે આજનો દિવસ શુભ રહેશે. ધંધા અને ધંધામાં અપેક્ષિત સફળતાથી તમે સંતુષ્ટ થશો પરંતુ બેસો નહીં અને લાભ મેળવવાની આશા રાખો. ક્રોધ પર નિયંત્રણ રાખો. મિત્રો સાથે લાંબી મુસાફરી પર જવા માટે યોજના બનાવી શકાય છે.

કર્ક : આજનો દિવસ તમારા માટે પ્રતિકૂળ રહેશે. આજે કાર્યમાં નિષ્ફળતાના કારણે મન નિરાશાથી ભરેલું રહેશે, જેના કારણે આજે તમારામાં ક્રોધની માત્રા પણ વધુ રહેશે. ક્ષેત્રમાં પદ અને સત્તાની મહત્વાકાંક્ષા વિરોધાભાસને જન્મ આપશે.

સિંહ : આજે તમે અશક્ય કાર્યોને પણ શક્ય બનાવવાનો પ્રયાસ કરશો. વેપારીઓને આજે લાભ મેળવવા માટે વધુ મહેનત કરવી પડશે. પરિવારના કોઈ સભ્યની બીમારી પર ખર્ચ થઈ શકે છે.

કન્યા : આજનો દિવસ તમારા માટે આનંદકારક રહેશે. તમે દિવસભર રમૂજ અને મનોરંજનના મૂડમાં રહેશો અને તમારા જુસ્સાને પરિપૂર્ણ કરવા માટે જરૂરી કાર્યોને પણ અવગણી શકો છો.

તુલા : ક્ષેત્રમાં અધિકારીઓ સાથે સારો જોડાણ થશે, જેને પ્રોત્સાહન મળવાની સંભાવના છે. લેખકો અને કલાને લગતા નામાંકિતોને પ્રતિભા પ્રદર્શિત કરવાની તકો મળશે.

ધન : કાર્યક્ષેત્રમાં તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરો, નહીં તો વરિષ્ઠ અધિકારીઓ સાથે અણબનાવ થઈ શકે છે. દિવસના ઉત્તરાર્ધમાં અચાનક મહેમાનોનું આગમન, ખર્ચનો ભાર વધારે છે.

મકર : આજે તમે તમારા કાર્યમાં વ્યસ્ત રહેશો અને કોઈ પણ વિરોધીની ટીકા અને અવરોધ તરફ ધ્યાન ન આપીને તમારું કાર્ય ચાલુ રાખશો. નોકરી કરતા લોકો માટે પગારમાં વધારો થઈ શકે છે.

કુંભ : આજે તમારા માટે અનુકૂળ રહીને તમે શારીરિક અને માનસિક સુખનો અનુભવ કરશો. બાળકોને લગતી સમસ્યાઓના નિવારણમાં બપોર પસાર કરવામાં આવશે.

મીન : આજે તમે મૂંઝવણની સ્થિતિમાં રહેશો. અનિશ્ચિત સ્થિતિમાં રહીને તમારા હાથમાંથી નફોની તકો નીકળી શકે છે, પરંતુ આજે તમે તમારા સંતોષપૂર્ણ સ્વભાવને લીધે ઉદાસ નહીં રહો.

## જ્ઞાનવાપી કેસમાં ચુકાદો ટળ્યા

# ૧૧ ઓક્ટોબરે સુનાવણી થશે, શિવલિંગની તપાસ મુદ્દે હિન્દુ પક્ષ બે જૂથમાં વહેંચાયા



વારાણસી,

જ્ઞાનવાપી-મા શ્રૃંગાર ગૌરી કેસની વારાણસી કોર્ટમાં કથિત શિવલિંગની કાર્બન ડેટિંગ સંબંધિત સુનાવણી ટળી હતી. હવે સુનાવણી ૧૧ ઓકટોબરે થશે. જિલ્લા ન્યાયાધીશ ડૉ.એ.કે.વિશ્વેશની કોર્ટે જણાવ્યું છે કે, વાદીની ૫ મહિલાઓ સર્વસંમતિથી જણાવો કે જ્ઞાનવાપી મસ્જિદમાં મળેલા કથિત શિવલિંગની તપાસ કઈ વૈજ્ઞાનિક પદ્ધતિથી થવી જોઈએ. આ અંગે અંજુમન ઈત્ઝામિયા મસ્જિદ કમિટીએ વાંધો ઉઠાવ્યો છે. સમિતિએ કહ્યું કે અમને વાદી પક્ષની માંગ સામે વાંધો છે. તે માટે અમને સમય આપવામાં આવે.

આ પહેલા બંને પક્ષો કોર્ટમાં પહોંચ્યા હતા. જો કે, કથિત શિવલિંગની તપાસ અંગે કેસ દાખલ કરનાર હિન્દુ પક્ષની મહિલાઓ બે જૂથોમાં વહેંચાયેલી છે. ૧૧ ઓક્ટોબરે કોર્ટના જ્ઞાનવાપી સંકુલમાં મળેલા કથિત શિવલિંગની લંબાઈ, પહોળાઈ, ઊંડાઈ અને સમય નક્કી કરવા માટે કાર્બન ડેટિંગ અથવા અન્ય કોઈ વૈજ્ઞાનિક ઢબે તપાસનો આદેશ આપશે. ચાર મહિલાઓ કથિત શિવલિંગની તપાસ ઈચ્છે છે અને એક મહિલા કોઈપણ પ્રકારની તપાસ ઈચ્છતી નથી. ટ્રાયલના મુખ્ય પ્રતિવાદી અંજુમન ઈન્તેજામિયા મસાજિદ કમિટીએ પણ કોર્ટમાં કથિત શિવલિંગની તપાસનો વિરોધ કર્યો છે. જ્ઞાનવાપી મસ્જિદના વઝુખાનામાંથી શિવલિંગ આકારની આકૃતિ મળી આવી છે. હિન્દુ પક્ષનો દાવો છે કે, આદિ વિશ્વેશ્વરનું પ્રાચીન શિવલિંગ છે. મુસ્લિમ પક્ષનું કહેવું છે કે, તે એક જૂનો ફુવારો છે જે જર્જરિત થઈ ગયો છે.

શ્રૃંગાર ગૌરી કેસની સુનાવણીની છેલ્લી તારીખ ૨૯ સપ્ટેમ્બર હતી. તે દિવસે વદિની સીતા સાહુ, લક્ષ્મી દેવી, રેખા પાઠક અને મંજુ વ્યાસ વતી એડવોકેટ હરિ શંકર જૈન અને વિષ્ણુ શંકર જૈન કોર્ટમાં હાજર થયા હતા. બંને વકીલોએ કહ્યું હતું કે "જ્ઞાનવાપી સંકુલમાં મળેલા શિવલિંગ સાથે કોઈપણ રીતે ચેડાં ન થવા જોઈએ. જો કે, કાર્બન ડેટિંગ કે અન્ય કોઈ વૈજ્ઞાનિક પદ્ધતિથી મળેલા પુરાવાઓને ધ્યાનમાં રાખીને, એએસઆઈ દ્વારા શોધખોળ ખૂબ જ મહત્વપૂર્ણ છે કે જ્ઞાનવાપી મસ્જિદમાં મળેલું શિવલિંગ કેટલું જૂનું છે. શિવલિંગ અને તેની આસપાસના વિસ્તારની પણ તપાસ કરવી જરૂરી છે.

રાખી સિંહના વકીલ માન બહાદુર સિંહે તપાસ પર વાંધો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે, જે શિવલિંગ મળ્યું છે, તેની કાર્બન ડેટિંગથી તે ખંડિત થઈ જશે. આપણા સનાતન હિંદુ ધર્મમાં ખંડિત મૂર્તિની પૂજા કરવામાં આવતી નથી. આથી શિવલિંગની કાર્બન ડેટિંગ ન થવી જોઈએ. તમામ પક્ષકારોને સાંભળ્યા બાદ જિલ્લા ન્યાયાધીશની કોર્ટે આગામી સુનાવણીની તારીખ ૭ ઓક્ટોબર નક્કી કરી હતી.

આ કેસમાં રાખી સિંહે માગણી કરી છે કે જ્ઞાનવાપીમાં મળેલા શિવલિંગની તપાસ થવી જોઈએ નહીં. તપાસના કારણે શિવલિંગ ખંડિત થઈ શકે છે. રાખી સિંહે એડવોકેટ જિતેન્દ્ર સિંહ વિસેને ૩ ઓક્ટોબરે કહ્યું હતું- હિંદુ પક્ષની મહિલાઓ અલગ-અલગ કેસ લડે. તેમણે કહ્યું સીતા સાહૂ, મંજુ વ્યાસ, રેખા પાઠક અને લક્ષ્મી દેવી સંખ્યામાં વધુ છે. અમારા પક્ષમાં માત્ર રાખી સિંહ જ છે. આ વાતને ધ્યાનમાં લઈ તમે કોર્ટમાં અરજી કરી તમારો કેસ અલગ કરી શકો.મા શ્રૃંગાર ગૌરીના નિયમિત દર્શન અને પૂજા સહિત અન્ય માંગણીઓને લઈને ગયા વર્ષે ઓગસ્ટમાં વારાણસીની સિવિલ કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો. ૧૮ ઓગસ્ટ ૨૦૨૧ના રોજ વૈદિક સનાતન સંઘના પ્રમુખ જિતેન્દ્ર બિસેનના નેતૃત્વમાં દિલ્હીની રાખી સિંહ અને વારાણસીની સીતા સાહુ, મંજુ વ્યાસ, રેખા પાઠક અને લક્ષ્મી દેવીએ સિવિલ જજ સિનિયર ડિવિઝનની કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો.

પાંચેય મહિલાઓએ માગ કરી હતી કે, જ્ઞાનવાપી પરિસર સ્થિત મા શ્રૃંગાર ગૌરી મંદિરમાં નિયમીત દર્શન-પૂજનની અનુમતિ મળે. આ સાથે જ્ઞાનવાપી સંકુલમાં આવેલા અન્ય દેવી-દેવતાઓના રક્ષણ માટે સંપૂર્ણ વ્યવસ્થા કરવી જોઈએ. સ્થળની સ્થિતિ જાણવા માટે કમિશનની રચના કરતી વખતે કોર્ટે એડવોકેટ કમિશનરની નિમણૂક કરવા અને ૩ દિવસમાં દલીલ કરવાનો આદેશ આપ્યો હતો.આના વિરોધમાં અંજુમન ઈન્તેજામિયા મસ્જિદ કમિટીએ કહ્યું કે શ્રૃંગાર ગૌરી કેસ સુનાવણીને લાયક નથી. સુપ્રીમ કોર્ટના નિર્દેશો બાદ વારાણસીની જિલ્લા ન્યાયાધીશ કોર્ટે ચુકાદો આપ્યો કે શ્રૃંગાર ગૌરી કેસમાં સુનાવણી યોગ્ય છે.

### દાહોદ કલેક્ટર એ જિલ્લામાં આગામી સમય દરમ્યાન દિવાળી,

# નુતન વર્ષે જેવા વિવિધ ધાર્મીક તહેવારોની ઉજવણી શાંતિપૂર્વક થાય એ માટે એક જાહેરનામા થકી આદેશ કર્યો છે

દાહોદ,

તદ્દનુસાર, જાહેર સ્થળોએ અને રસ્તાઓ ઉપર સભા, સરઘસ, શોભાયાત્રા, મેળાઓ, પુતળા દહન, સ્નેહ સમ્મેલન, રેલીઓ, ગરબા તથા ખાનગી પાર્ટી પ્લોટ ખાતે સ્નેહ સમ્મેલન, ગરબા તથા અન્ય ધાર્મિક કાર્યક્રમોનું આયોજન વગર પરવાનગીએ કરવુ નહી. પરવાનગી મેળવી કાર્યક્રમનું આયોજન કરનાર આયોજકોએ પાર્કિંગ માટે અલગથી વ્યવસ્થા કરવાની રહેશે.

કાર્યક્રમોમાં લાઉડ સ્પીકર પબ્લીક એડ્રસ સીસ્ટમનો ઉપયોગ રાત્રીના ૧૦-૦૦ કલાક સુધી જ કરી શકાશે. શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, બંદુક, છરો, લાકડી કે લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન લઈ જવું નહીં. કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ કરવો નહી તેમજ જાહેર સ્થળે પણ તેનો ઉપયોગ કરવો નહી.

પત્થર અથવા ફેંકી શકાય તેવી બીજી કોઈપણ વસ્તુઓ ફેંકવાના/ધકેલવાના યંત્રો, સાધનો લઈ જવા નહી તથા તૈયાર કરવાં નહીં, મનુષ્યોની આકૃતિઓ, શબો અથવા પુતળા દેખાડવા નહી, અપમાનીત કરવાના અથવા જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહીં. ટોળામાં ફરવું નહી.

જેનાથી સુરૂચી અથવા નિતિનો ભંગ થાય તેમજ જાહેરશાંતિ અને કાયદો વ્યવસ્થા ખોરવાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા પત્રકો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં, બતાવવા નહી અથવા તેનો ફેલાવો કોઈ પણ પ્રકારના માધ્યમથી કરવો નહી. અધિકૃત કરેલ સરહદોને ઓળંગવાના પ્રયત્ન કરવો નહી તેમજ સરકારી મિલ્કતો, વાહનોને નુકશાન પહોંચાડવું નહી કે પહોચાડવાનો પ્રયત્ન પણ કરવોં નહી. હોસ્પિટલ, શૈક્ષણીક સંકુલ, અદાલતો, સરકારી કચેરીઓની આસપાસના ૧૦૦ મીટર વિસ્તારને સાઈલન્સ એરીયા તરીકે જાહેર કરવામાં આવે છે.

આ જાહેરનામું હુકમની તારીખથી તા.૩૧/૧૦/૨૦૨૨ના ૨૪ કલાક સુધી અમલમાં રહેશે.અને સમગ્ર દાહોદ જિલ્લાના મહેસુલી હદ વિસ્તારમાં લાગુ પડશે. જાહેરનામાનો ભંગ કરનાર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરાશે.

# દે.બારીયા શહેરી વિસ્તારમાં MGVCL ના દ્વારા મીટરો ચેક કરવા માટે વહેલી સવારથી છાપેમારી

દે.બારીયા,

દે.બારીયાના ચોકકસ વિસ્તારોમાં જ MGVCL ના મીટર ચેકરોએ સીક્યુરીટીના લાલ લશ્કર સાથે ૧૦ થી ૧૫ ગાડીઓના કાફલા સાથે મીટરોના ગેરકાનુની રીતે લંગરીયા નાંખી વિજળી ચોરી કરનારાઓને પકડવા માટે તા.૬/૧૦/૨૦૨૨ને ગુરુવારના રોજ સવારે ૬.૦૦ કલાક થી ૩ વિસ્તારોમાં કાપડી, પીઠા તથા કસ્બા જેવા ચોકકસ વિસ્તારોને ટારગેટ કરીને વિજળી ચોરી પકડવાનો શું ? મતલબ અને આશય હતો. શું ? અન્ય વિસ્તારોમાં સબસલામત લાગે છે. એક દિવસે વાવાઝોડા સાથે વરસાદ ખાબકતા રાત્રે નવ કલાકે કસ્બામાં ડીમ લાઈટ, પંખા, ટ્યુબ ના સળગે તેવું વિજળી પ્રવાહ થી ઘરોમાં વિજળી ઉપકરણો બળી જાય તેવો ડીમ લાઈટમાં ૧૫ કલાકે પણ વિજ પ્રવાહ રીપેરીંગ કરવામાં આવ્યો ન હતો. એક-બે વિજળી ચોરીના બનાવથી બીજા અન્ય ગ્રાહકોને હેરાન થવાનોવારો આવ્યો હતો. વિજળી ચોરીને પકડવા માટે અંધાધુન છાપેમારી કરતાં વિજ કર્મચારીઓ જાણે હિમાલય પર્વત જાણે શર કર્યો હતો. તેવા દ્રશ્યો જણાતા હતા એકબાજુ કેજરીવાલની આપ પાર્ટી દિલ્હી અને પંજાર રાજ્યમાં જે પ્રમાણે ફ્રીની વિજળી ઘોષણાઓ મુજબ ત્યાંના ગરીબ વિજળી ગ્રાહકોને વિજળી ફ્ર આપીને નામના અને વાહવાહી મેળવી રહ્યા છે. જ્યારે ગુજરાતમાં વિજળી ૨૪ કલાક આપવાના વાયદાના ઠેકાણા નથી અને ગરીબોના ઘરોમાં છાપેમારી કરતા ખચકાતા નથી. આપ પાર્ટીના ઘોષણપત્રમાં ગુજરાતમાં સરકાર બનાવશે તો વિજળી ફ્રી આપવાની ઘોષણા કરી છે. મદયમવર્ગ અને ગરીબ લોકો વિજળી ફ્રીની ઘોષણાથી પ્રભાવિત પણ થયા છે. તેમાં બે મત નથી.

મળતા સૂત્રો અનુસાર કસ્બા વિસ્તારમાં લગભગ ૪ થી ૫ વિજળી ચોરીના કેસો, પીઠામાં ૨-૪ કેસ જ્યારે કાપડી વિસ્તારમાં કેટલા વિજળી ચોરી કરતા પકડાયા તે જાણવા મળેલ નથી. આ વિજળી ચોરીનો ચોકકસ કેટલા હજારની ચોરી પકડવામાં આવી તેની જાણકારી મેળવવા માટે MGVCLના વિભાગીય કચેરીમાં અમારા પંચમહાલ સમાચારના પ્રતિનિધી તા.૬/૧૦/૨૦૨૨ના રોજ ૩ કલાકે માહિતી મેળવવા માટે ગયા પણ ત્યાં કોઈ જ જવાબદાર કર્મી મળી શકયા ન હતા. જે કર્મીઓ હાજર હતા. તેઓ આ પ્રકારની અમારાથી કંઈ જ કહી ના શકાય આ ઉપલા લેવલે જાણકારી મેળવી લો. તેવું કહી પલ્લુ જાડી લીધું હતું. કેટલા હજાર કે લાખની વિજ ચોરી પકડી છે. તે સૌ કોઈ જાણવા માંગે છે.

# ગરબાડાનું રામનાથ તળાવ કે ઘાસનું મેદાન



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

ગરબાડાના રામનાથ તળાવની સફાઈના અભાવે અવદસા ગામની બહેનોને ભારે હલાકીનો સામનો કરવાનો વારો.

ગરબાડાનું રામનાથ તળાવ હાલમાં કમળની પોચણ અને જંગલી વનસ્પતિઓથી ઢંકાયેલું જોવા મળી રહ્યું છે. જે જોતા તળાવ છે કે, ઘાસનું મેદાન હોય તેવું લાગે છે. ગણેશ વિસર્જનના સમયે સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. પરંતુ માત્ર નામની જ સફાઈ કરવામાં આવી હોય તેમ લાગી રહ્યું છે. હાલમાં સફાઈના અભાવે ગામની માતા-બહેનોને ભારે હલાકીનો સામનો કરવાનો વારો આવ્યો છે.

# લીમખેડા મોડેલ સ્કુલ ખાતે સ્કુલ ઓફ એક્સલન્સ અંતર્ગત સમીક્ષા બેઠક યોજાઈ



લીમખેડા,

લીમખેડા મૉડેલ સ્કૂલ ખાતે સ્કૂલ ઓફ એક્સલન્સ અંતર્ગત જીસીઈઆરટી નિયામક દ્વારા સંજેલી, સિંગવડ અને લીમખેડા તાલુકાના SOE પ્રા.શાળાના આચાર્ય, સીઆરસી કો.ઓ., બીઆરસી કો.ઓ.ની સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં ડાયટ દાહોદ અને સમગ્ર શિક્ષાનો તમામ સ્ટાફ તથા જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી મયુર પારેખ હાજર રહ્યા હતા. SOE સમીક્ષા બેઠકમાં નિયામક ડી.એસ.પટેલ દ્વારા શાળામાં બાળકોની હાજરી સંદર્ભે તથા ગુણોત્સવ ૨.૦ અન્વયે ખુબ સુંદર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તે વિષય અન્વયે આચાર્યઓ કરેલી કામગીરી અંગે પ્રશ્નોત્તરી કરી સમીક્ષા કરી હતી.

# ઔદ્યોગિક તાલીમ સંસ્થા દાહોદ ખાતે સવારે ૦૯:૦૦ કલાક થી જીલ્લા કક્ષાનો એપ્રેન્ટીસશીપ ભરતી મેળાનું આયોજન કરવામાં આવશે

દાહોદ,

નેશનલ એપ્રેન્ટીસશીપ મેળા૨૦૨૨ અંતર્ગત સમગ્ર દેશમાં તા.૧૦/૧૦/૨૦૨૨ ના રોજ એપ્રેન્ટીસશીપ ભરતી મેળાનું આયોજન કરવા માં આવ્યું છે. જે અંતર્ગત ઔદ્યોગિક તાલીમ સંસ્થા દાહોદ દ્વારા તા.૧૦ ઓક્ટોબર ના રોજ ઔદ્યોગિક તાલીમ સંસ્થા દાહોદ ખાતે સવારે ૦૯:૦૦ કલાક થી જીલ્લા કક્ષાનો એપ્રેન્ટીસશીપ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જીલ્લાના વિવિધ એકમો તેઓની એપ્રેન્ટીસશીપ વેકેન્સી સાથે હાજર રહેનાર છે.

આઈ.ટી. આઈ ફિટર, ટર્નર, મિકે ડિઝલ, મીકે.મોટર વ્હીલ વેલ્ડર ઈલેક્ટ્રીશીયન,વાયરમેન, કોપા, ટ્રેડના પાસ આઉટ તાલીમાર્થીઓ, બી.કોમ. તથા અન્ય કોઈપણ સ્નાતક (બેઝીક કોમ્પ્યુટરની જાણકારી સાથે) ઈચ્છુક ઉમેદવારોએ તેઓના શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો અસલ તેમજ પ્રમાણિત નકલ,આધારકાર્ડ અને પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે નીચે જણાવેલ સ્થળ અને સમય પર રૂબરૂ ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.વધુમાં ઉમેદવારોએ પોતાનું રજીસ્ટ્રેશન ડી.જી.ટી.ની વેબસાઈટ https://dgt.gov.in/appmela2022/ પર જઈને કરાવવાનું રહેશે.

# દાહોદ જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત લોકપાલની નિમણૂંક કરાઇ

દાહોદ,

દાહોદ જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત ડો. રણજીતસિંહ નાયકની લોકપાલ તરીકે નિમણુંક કરાઈ છે. તેઓનો સંપર્ક નંબર ૯૪૨૬૦ ૪૫૮૬૬ છે. આ નિમણુંક અધિક કમિશ્નર, ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના નોટીફીકેશન દ્વારા કરાઈ છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકએ એક યાદીમાં ઉક્ત માહિતી આપી છે.

### અવસર લોકશાહીનો, ગુજરાત વિધાનસભા ચુંટણી-૨૦૨૨

# અધિક જિલ્લા કલેક્ટર અને નાયબ ચૂંટણી અધિકારીના અધ્યક્ષસ્થાને ચૂંટણીના નોડલ અધિકારીઓની બેઠક યોજાઈ



ગોધરા,

પંચમહાલ અધિક જિલ્લા કલેક્ટર એમ.ડી. ચુડાસમા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી નેહા ગુપ્તા અને જિલ્લા વિકાસ અધિકારી ડી.કે. બારીયાની ઉપસ્થિતીમાં જિલ્લા સેવાસદન ગોધરા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લામા આગામી વિધાનસભા ચૂંટણી ૨૦૨૨માં નિયુક્ત નોડલ અધિકારીઓ સાથે બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં અધિક જિલ્લા કલેક્ટરએ તમામ નોડલ અધિકારીઓને ચૂંટણી કામગીરી અન્વયે અત્યારથી જ તમામ વ્યવસ્થાઓ કરવા તેમણે સૂચના આપી હતી. વધુમાં મતદાન જાગૃતિના કાર્યકમો પણ વિશેષ સંખ્યામાં યોજવા સૂચના આપી હતી. ઉપરાંત ચૂંટ્ણી સંદર્ભે અનુભવી અધિકારીઓને સાથે રાખી તમામ કામગીરીનું સુચારૂ આયોજન થાય તથા યોગ્ય વ્યવસ્થા જળવાઈ રહે તે મુજબ વિગતે યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. આ સાથે દરેક નોડલ ઓફિસરઓ પોતાની કામગીરી શરૂ કરતા પહેલા ભારત સરકારના ચૂંટણીપંચની ગાઈડ લાઈનને અનુસરે જેથી કોઈપણ પ્રકારની વિસંગતતા રહી ન જાય.

નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીએ તમામ નોડલ અધિકારીઓને વિભાગવાર કામગીરીની વહેંચણી મુજબ જે તે નોડલ અધિકારીની જવાબદારી હેઠળ આવતી કામગીરી અંગે અત્યારથી વિગતે અભ્યાસ કરી, જાણકારી મેળવી સંલગ્ન તૈયારીઓ કરવા જણાવ્યું હતું.

આ બેઠકમાં પોસ્ટલ બેલેટ, વાહનોની જરૂરિયાત, આચાર સંહિતા, મેન પાવર, ટ્રેનીંગ મેનેજમેન્ટ, મટીરીયલ મેનેજમેન્ટ, ખર્ચ નિયંત્રણ, મીડિયા મેનેજમેન્ટ, સ્વીપ, SMS મોનીટરીંગ, કાયદો વ્યવસ્થા સ્ટાફ વેલફેર, માઈગ્રેશન વોટર્સ, દિવ્યાંગ મતદારો, ચૂંટણી નિરિક્ષક, સોશ્યલ મીડિયા વગેરે તમામ નોડલ ઓફિસરોએ કામગીરીની સમીક્ષા કરી હતી. આ બેઠકમાં વિવિધ વિભાગના અધિકારીઓ/નોડલ ઓફિસર હાજર રહા હતા.

# પંચમહાલ જીલ્લાના કાલોલ ખાતે સામજીક ન્યાય અધિકારીતા કેબીનેટ મંત્રીની અધ્યક્ષતામાં બાઈક રેલી યોજાઈ



કાલોલ,

કાલોલ ખાતે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના યુનિયન કેબિનેટ મંત્રી ડો. વીરેન્દ્ર કુમારની અધ્યક્ષતામાં બાઈક રેલી અને સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં મંત્રી ડો. વિરેન્દ્રકુમારે પંચમહાલ જિલ્લા ભાજપના તમામ મોરચાના કાર્યકર્તાઓ અને હોદ્દેદારોને સંબોધી આગામી વિધાનસભાની ચૂંટણીઓ માટે તૈયાર કરવા ઉત્સાહ વર્ધન કર્યું હતું.

આગામી વિધાનસભાની ચૂંટણીઓને લઈ ભાજપે ચૂંટણી તારીખની જાહેરાત થવા પહેલા થી જ કેન્દ્રીય કેબિનેટ મંત્રીઓની ફોજને ગુજરાતમાં ઉતારી દીધી છે. જે અનુસંધાને કાલોલમાં પણ આજરોજ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ના યુનિયન કેબિનેટ મંત્રી ડો. વીરેન્દ્ર કુમારની અધ્યક્ષતામાં બાઈક રેલી અને વિવિધ મોરચાના હોદ્દેદારો અને કાર્યકર્તાઓને સંબોધન માટે સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાલોલ નગરમાં વરસાદી વિઘ્ન વચ્ચે જુજ બાઈક સવાર કાર્યકર્તાઓ સાથે નીકળેલી બાઈક રેલી બાદ મંત્રી વિરેન્દ્રકુમારે પંચમહાલ જિલ્લાના ભાજપ સંગઠનના વિવિધ મોરચાના હોદ્દેદારો અને કાર્યકર્તાઓને સંબોધન કરી પોતે પશ્ચિમ બંગાળ અને કેરળ સહિતના રાજ્યો કે જ્યાં ભાજપની સરકાર નથી. ત્યાં પણ વડાપ્રધાન મોદી અને ભારતીય જનતા પાર્ટી કેટલી લોકપ્રિય છે. તે અંગે પ્રસંગો વર્ણવી પોતાની સાથે બનેલી ઘટનાઓ વર્ણવી ઉપસ્થિત કાર્યકર્તાઓનું ઉત્સાહ વર્ધન કરી આગામી વિધાનસભા માટે તૈયાર થઈ જવા હાકલ કરી હતી. ચૂંટણીઓ કોઈ વ્યક્તિ નહીં પરંતુ સંગઠન લડતું હોવાની વાત કરી તમામ રીતે ભાજપને વધુમાં વધુ બહુમતી થી જીતાડવા જણાવ્યું હતું.

મંત્રી વિરેન્દ્રકુમારે આમ આદમી પાર્ટીના આગમન અને ત્રીજા મોરચાની વાત અંગે પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે, આપ એ પરપોટા જેવી છે, તેનું કોઈ અસ્તિત્વ નથી. તે જ્યાં પણ ઉમેદવારો ઉભા રાખે છે. ત્યાં તેના ઉમેદવારની ડિપોઝીટ જપ્ત થાય છે.

# મોરવા(હ) ચાર રસ્તા કડાદરા જતાં રોડ ઉપર બાઈક ચાલકે રાહદારીને અડફેટમાં લઈ ઈજાઓ કરતાં ફરિયાદ

મોરવા(હ),

મોરવા(હ) ચાર રસ્તા કડાદરા જતાં રસ્તા ઉપર વાહનની રાહ દેખતા ફરિયાદને બાઈક ચાલકે પુરઝડપે વાહન હંકારી લાવી અડફેટમાં લઈ ગંભીર ઈજાઓ કરી નાશી જઈ ગુન્હો કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ મોરવા(હ) ચાર રસ્તા કડાદરા જતા રોડ ઉપર બાઈક નં.જીજે.૧૭.સીબી.૫૪૬૪ના ચાલકે પોતાનું વાહનપુર ઝડપે હંકારી લાવ્યો હતો અને રોડ સાઈડમાં ઉભા રહીને વાહનની રાહ જોતાં મુકેશભાઈ નરવતસિંહ બારીયાને અડફેટમાં લઈ રોડ ઉપર પાડી નાખી પગની એડીના ભાગે ઈજાઓ ફેકચર કરી તેમજ બાઈક ચાલક રોડ સાઈડ ઉભેલ છકડાની પાછળ અથડાવી લઈ બાઈક મુકીને નાશી જઈ ગુન્હો કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે.

# કાલોલના કંડારા ગામના ૩૭ વર્ષીય યુવા ઝેરી દવા પી જતાં સારવાર અર્થે ખસેડાયો

કાલોલ,

કાલોલ તાલુકાના કંડારા ગામના ૩૭ વર્ષીય યુવાને અગમ્યકારણોસર ઝેરી દવા પી જતાં સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકામાં કંડારા ગામે રહેતા સચીન ઉર્ફે શૈલેન્દ્રસિંહ ગોહિલ ઉ.વ.૩૭ એ કોઈ અગમ્યકારણોસર પોતાના ઘરમાં ઝેરી દવા પી ગયા હતા. ઝેરી દવા પી ગયેલ યુવાનને સારવાર અર્થે કાલોલ ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# ગોધરા રેલ્વે પોલીસ હદમાં ડેરોલ-બાકરોલ સ્ટેશન પાસે અજાણી મહિલાનું ટ્રેનની અડફેટમાં આવી જતાં મોત

ગોધરા,

ગોધરા-વડોદરા લાઈન ઉપર ડેરોલ અને બાકરોલ રેલ્વે લાઈન ઉપર કોઈ અજાણી મહિલા ટ્રેનની અડફેટમાં આવી જતાં મોત નિપજાવા પામ્યું.

ગોધરા રેલ્વે પોલીસ મથક વિસ્તારમાં ગોધરા-વડોદરા રેલ્વે લાઈન ઉપર ડેરોલ અને બાકરોલ રેલ્વે સ્ટેશન અપ રેલ્વે લાઈન ઉપર કોઈ અજાણી મહિલા શરીરે પાતળા બાંધાની ઘઉં વર્ણી ઉંચાઈ ૫.૫ જેને છીંકણી કલરની સાડી અને બદામી બ્લાઉઝ પહેરેલ હોય તેવી મહિલા કોઈ ટ્રેનની અડફેટમાં આવી જતાં મોત નિપજાવા પામ્યું છે. મરણજનારના વાલી વારસોએ રેલ્વે પોલીસ ગોધરાનો સંપર્ક કરવો.



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

નિયામક ડી.એસ. પટેલ જીસીઈઆરટી, ગાંધીનગરની અધ્યક્ષતામાં SOE શાળાના આચાર્ય, સીઆરસી કો-ઓ., બીઆરસી કો-ઓ. સમીક્ષા બેઠક-ઝાલોદ ફતેપુરા તાલુકાની પ્રભુતા પાર્ટી પ્લોટ, ઝાલોદ ખાતે યોજાઈ ગઈ, જેમાં ઉપસ્થિત અધિકારી દ્વારા ખુબ સુંદર રીતે એકતરફીની જગ્યાએ પ્રશ્નોત્તરી કરી આદન-પ્રદાન દ્વારા SOE અંતર્ગત બાળકોનું શૈક્ષણિક સ્તર ઊંચું આવે તે રીતનું માર્ગદર્શન આપ્યું હતું, સાથે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મયુર પારેખ અને પ્રાચાર્ય રાજેશ મુનિયા પણ ઉપસ્થિત રહી પ્રેરણાત્મક માર્ગદર્શન આપ્યું હતું.

# ઘોઘંબાના ભાણપુરા ગામે જીવતો વીજ વાયર તુટીને પડતા યુવાનનું કરંટ લાગતાં મોત

- મહિલાને કરંટ લાગતા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાઈ.
- બાળકનો આબાદ બચાવ થયો.

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના ભાણપુરા ગામે ઉગમણા ફળીયામાં વીજ સપ્લાય ચાલુ હોય તેવા વીજ વાયર થાંભલા ઉપર પડયો હતો. જેની ઝપટમાં આવેલ ૩૦ વર્ષીય યુવાનનું કરંટ લાગવાથી મોત નિપજ્યું. જ્યારે અન્ય એક મહિલાને કરંટ લાગતાં સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ ઘોઘંબા તાલુકાના ભાણપુરા ગામે ઉગમણા ફળીયામાં રહેતા વિઠ્ઠલભાઈ પરમારના ઘર પાછળ વાડીમાં વીજ સપ્લાય ચાલુ હોય તેવા વીજ વાયર થાંભલા ઉપરથી તુટીને પડતા વીજ વાયરના ઝપટમાં આવેલ પરેશભાઈ ઉ.વ.૩૦ને કરંટ લાગતાં ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું હતું. જ્યારે લીલાબેન પણ વીજ વાયરની ઝપટમાં આવી જતાં તેમને પણ કરંટ લાગ્યો હતો. મહિલાને કરંટ લાગતા તાત્કાલીક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જીવતો વીજ વાયર તુટી પડવાની ઘટનામાં એક બાળકનો આબાદ બચાવ થયો છે. ઘોઘંબાના ભાણપુરા ગામે જીવતો વીજ વાયર પડવાની ઘટનાને લઈ યુવાનના મોતને પગલે માતમ છવાયો છે. આ ઘટના બાબતે પોલીસ મથકે અ.મોતનો ગુનો નોંધી તપાસ કાર્યવાહી હાથ ધરાઈ છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.42

**પંચમહાલ આવૃત્તિ**
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

**પંચમહાલ સમાચાર**

# પંચમહાલ જીલ્લામાં સતત બીજા દિવસે ધોધમાર વરસાદ વરસતા ખેડૂતો ચિંતીત

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં સતત બીજા દિવસે વરસાદી માહોલ જીલ્લામાં ગોધરા અને કાલોલમાં ૧૨ વાગ્યા પછી ધોધમાર વરસાદ વરસતા માર્ગો ઉપર પાણી ફરી વળ્યા. રાજ્ય સહિત પંચમહાલ જીલ્લામાં સતત બીજા દિવસે વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે. વરસાદને લઈ ખેતરોમાં ઉભા પાકોને નુકશાન થવાની ખેડુતોએ ભીંતિ સેવી છે.

ગુજરાત રાજ્યમાં હવામાન વિભાગ ચોમાસાના વિદાયની આગાહી કરી હતી. તેની વચ્ચે રાજ્યમાં વરસાદના પૂનઃ આગમન થયું છે. તા.૬ ઓકટોમ્બર થી વાદળછાયા વાતાવરણ વચ્ચે વિજળીના કડાકા ભડાકા સાથે વરસાદ શરૂ થયો છે. ભારે પવન સાથે ગઈકાલે વરસાદ પડયો હતો. તેમાં પંચમહાલ જીલ્લાના તમામ સાત તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ થયો હતો અને ૧ થી ૨.૫ ઈંચ જેટલો વરસાદ ખાબકયો હતો. આજો બીજા



દિવસે વાદળછાયા વાતાવરણ વચ્ચે બપોર બાદ જીલ્લામાં કાલોલ અને ગોધરા શહેરમાં ધોધમાર વરસાદ પડયો હતો.

## વરસાદને લઈ ખેડુતોએ ઉભા પાકને નુકશાન થવાની ભીંતિ વ્યકત કરી

ધોધમાર વરસાદને લઈ ચોમાસાની સીઝન શરૂ થતી હોય તેવા અહેવાલ થયો હતો. સામાન્ય રીતે રાજ્યમાં ભાદરવા માસ પછી ચોમાસું સામાન્ય રીતે વિદાય લેતું હોય છે પરંતુ ચાલુ વર્ષે નવરાત્રીના નવ દિવસ પુરા થતાં વરસાદનો નવો રાઉન્ડ શરૂ થયો છે. હાલ વરસતા વરસાદ ખેડુતોના કહેવા મુજબ ઉભા પાકો તુવેર, કપાસ, મકાઈ, ડાંગર માટે નુકશાનકારક સાબિત થશે તેવી ભીંતિ વ્યકત કરી છે.

પંચમહાલ જીલ્લામાં હાલ ખેતરોમાં તુવેરના પાકમાં ફુલ લાગવાની તૈયાર શરૂ થઈ છે. ત્યારે વરસાદને લઈ ફુલ ખરી જવાની દહેશત છે. બિનપિયતવાળા ડાંગરનો ઉભો પાક વરસાદને લઈ પડી જવાથી ખેડુતોને ભારે નુકશાન થશે. સાથે કપાસ જેવાં પાકને પણ નુકશાન થવાની ભીંતિ ખેડુતો વ્યકત કરી રહ્યા છે. સતત બીજા દિવસે પંચમહાલ જીલ્લા વરસાદ ચાલુ રહેતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જતાં લોકોએ ભાદરવાની ગરમીથી રાહત મળી છે.

**પંચમહાલ જીલ્લામાં નોંધાયેલ વરસાદના આંકડા**

ગોધરા - ૨૭ મી.મી.
કાલોલ - ૧૪ મી.મી.
ઘોઘંબા - ૦૫ મી.મી.
જાંબુઘોડા - --
મોરવા(હ) - ૦૬ મી.મી.
શહેરા - ૦૪ મી.મી.
હાલોલ - ૦૮ મી.મી.

### કાલોલના ડેરોલ સ્ટેશન ગામે નવિન બનેલ

## ગરનાળામાં વરસાદી પાણી ભરાતા વિદ્યાર્થીઓ જીવના જોખમે છાપરે ચઢી પસાર થતાં નજરે પડ્યા





- રેલ્વે ગરનાળું બનાવ્યું પણ વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા ન કરાઈ.
- ગરનાળામાં પાણી ભરાતા પ્રાંત અધિકારી અને રેલ્વે અધિકારી સ્થળની મુલાકાત લીધી.
- પાણીના નિકાલની વ્યસ્થા કરાઈ.

કાલોલ,

કાલોલના ડેરોલ સ્ટેશન રેલ્વે દ્વારા બનાવેલ નવિન ગરનાળામાં પાણી ભરતા સ્થાનિક લોકો અંડરપાસના છાપરે ચડી પસાર થતાં જોવા મળ્યા છે. વિદ્યાર્થીઓ જીવના જોખમે છાપરે ચડી પસાર થતાં વિડીયો વાયરલ થયો નવિન બનાવેલ ગરનાળામાં પાણી ભરાવવાના મુદ્દે કાલોલ ધારાસભ્યનો ઉડાઉ જવાબ આપ્યો.

કાલોલના ડેરોલ સ્ટેશન ગામે રેલ્વે ગરનાળું બનાવવામાં આવ્યું છે. આ ગરનાળામાં ગઈ કાલે અને આજે પડેલ વરસાદને લઈ ગરનાળામાં પાણી ભરાઈ ગયા હતા. ગરનાાળામાં પાણી ભરાઈ જતાં આ માર્ગ ઉપર થી પસાર થતા વિદ્યાર્થીઓ અને રાહદારીઓને ગરનાળા ઉપર બનાવવામાં આવેલ છાપરા ઉપર થી જોખમી રીતે પસાર થવાનો વારો આવ્યો હતો. ગરનાળામાં પાણી ભરાવવાની સમસ્યાની કાલોલ ધારાસભ્ય સુમનબેનને કરવામાં આવતાં ગરનાળાનું પાણી અડધા કલાકમાં ખાલી કરવામાં આવશે. તેવો જવાબ આપવામાં આવ્યો જયારે ધારાસભ્ય ગરનાળામાં ભરાયેલ પાણીની વાસ્તવિક સ્થિતી અજાણ હતા. ગરનાળા માર્ગ ઉપર પસાર થતાં વિદ્યાર્થી અને રાહદારીઓ ગરનાળા ઉપર છાપરા ઉપર થી જોખમી રીતે પસાર થવાના વિડીયો વાયરલ થતાં સમગ્ર તંત્ર દોડતું થયું હતું. પ્રાંત અધિકારી, રેલ્વે અધિકારીઓ, માર્ગ–મકાન વિભાગના અધિકારીઓ સ્થળ ઉપર મુલાકાત લઈને નવિન ગરનાળું સ્વીમીંગ પુલ બન્યો હોય તેના પાણીના નિકાલ માટેની વ્યવસ્થા કરાઈ હતી. ગરનાળું બનાવતી વખતે વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરાઈ હોવાની પોલ સામે આવી છે.

## કાલોલ ગોમાં નદીમાં ખનીજ માફિયાઓ દ્વારા બેફામ રેતી ચોરી ખાણ ખનીજની રહેમ નજર સ્થાનિક લોકોએ મામલતદારને જાણ કરી

કાલોલ,

કાલોલ ગોમાં નદીની પટ ઉપર રાવળ દેહ ગ્રાઉન્ડ પાછળ રેતી ખનીજ માફિયાઓ દ્વારા બે ફામ લીઝ વગર નદીમાં કુવા જેટલા ખાડા કરી બેફામ રીતે રેતીના ટ્રેકટરો ભરતા હોવાથી નજદીકમાં આવેલ ફળિયાના સ્થાનિક લોકોએ મોટી સંખ્યામાં આવી કાલોલ મામલતદારને ખનીજ માફિયા સામે કાર્યવાહી કરવા મૌખિક રજૂઆત કરી. ગોમાં નદીમાંથી બેફામ રીતે રેતી ચોરી થઈ રહી છે. ખુલેઆમ છડેચોક ૨૪ કલાક બેધડક રેતી ભરેલા ટ્રેકટરો નીકળી રહયા છે. તો આ ખાણ ખનીજના અધિકારીઓની મીઠી રહેમ નજર હેઠળ ખનન ખુલેઆમ ચાલે છે.



જેથી ખાણ ખનીજ વિભાગના સરકારી પ્રતિનિધિઓ પોતાની દેખાવ પુરતી ભૂમિકા ભજવી રહયા હોય તેમ લાગે છે. કારણ કે, ખનીજ માફિયાઓને ખાણ ખનીજ વિભાગના અધિકારીઓના આશીર્વાદ હોય જેથી ખુલેઆમ રેતીના ગોરખધંધા જોરો સોરો થી ચાલાવે છે. જેથી બેફામ બનેલા ખનીજ માફિયાઓ ગોમા નદી માંથી બાપદાદાની મિલકત સમજી રાત–દિવસ રેતી ચોરી કરી રાત દિવસ રેતી ઉલેચી રહયા છે. ખાણ ખનીજ તંત્રના કેટલાક કર્મીઓની નબળી કામગીરીના પગલે ખનન માફિયાઓ કોઈપણ પ્રકારની મંજૂરી કે લીઝ વગર ગોમા નદીમાંથી મન ફાવે તેમ રેતી ચોરી કરતા હોય છે. જેથી કાલોલ તાલુકામાં ગોમાં નદી માંથી ભૂમાફિયાઓ ઘણાં સમયથી ગેરકાયદેસર ખનન કરી કરોડો રૂપિયાની રેતી ચોરી કરી સરકારી તિજોરીને ચૂનો લગાવવામાં આવી રહયું છે અને આ ખાણ ખનીજના અધિકારીઓ પોતાના ખિસ્સા ભરવામાં રસ હોય તેમ લાગી રહયું છે. કારણ કે, આખા પંચમહાલ જિલ્લામાં ખાણ ખનીજના અધિકારીઓની મીઠી નજર તળે ખુલે આમ ચોરી થય રહી છે. તેવું ગોમા નદીની આજુબાજુના લોકોમાં ચર્ચાઈ રહયું છે. કારણ કે, ખનીજ માફિયા દ્વારા ખાણ ખનીજ તેમજ અન્ય અધિકારીઓની સોશિયલ મીડિયા દ્વારા ગૃપો બનાવી વોઈસ મેસેજો દ્વારા એક્ટિવિટી કરવામાં આવી રહી છે અને કયા કયા અધિકારીઓ કયા સુધી પહોંચ્યા અને કઈ કામગીરી કરી તેની અપડેટ આપી રહયા છે. જેથી ખાણ ખનીજના અધિકારીઓની પણ સાંઠગાંઠ હોય તેવું લોકમુખે ચર્ચાઈ રહયું છે.

## શહેરાના બોરીયાવી ગામે પથ્થર મારો કરવાના ગુનાના ૬ આરોપીઓ પૈકી ૪ ના આગોતરા જામીન મંજુર કરતી કોર્ટ

શહેરા,

શહેરા પોલીસ મથક ખાતે બોરીયાવી ગામની થોડા દિવસ પહેલાં પથ્થર મારો અને મારી નાખવાનો પ્રયત્ન કરેલ હોવા અંગેની ૩૦૭સહિતની વિવિધ કલમ હેઠલ નોંધાયેલ ફરિયાદના ચાર આરોપીઓને જિલ્લાની નામદાર સેશન્સ કોર્ટ માંથી આગોતરા જામીન મળ્યા હતા. આ ફરિયાદના ૬ માંથી ૪ આરોપીના સેશન્સ કોર્ટે આગોતરા જામીન મંજૂર કર્યા હતા.

શહેરા તાલુકાના બોરીઆવી ગામે ધારાસભ્યના અંગત મહેન્દ્ર ડાભી ના પુત્ર કિશોર દ્વારા કરવામાં આવેલ મારા મારી તથા મારી નાખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હોવા સહિત પથ્થર મારા અંગેની ૩૦૭ સહિતની વિવિધ કલમ હેઠળ ફરિયાદ પોલીસ સ્ટેશન ખાતે ૨૪/૯/૨૦૨૨ રોજ નોંધવામાં આવેલી હતી. આ બનેલા બનાવમાં સાલમભાઈ રતના ભાઈ ડાભી સહિત કુલ ૬ જેટલા સામે પોલીસે ફરિયાદ નોધીને આરોપીઓને પકડી પાડવા માટેના ચક્રોગતિમાન કર્યા હતા. જોકે, પોલીસ આરોપીઓને પકડે તે પહેલા આગોતરા જામીન મળે તે માટેની કાર્યવાહી આરોપીઓ દ્વારા કરવામાં આવી હતી. પંચમહાલની નામદાર સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન મેળવવા માટે છ આરીપોઓ માંથી ચારની આગોતરાં જામીન અરજી દાખલ કરવામાં આવી હતી. જેમાં વકીલ અનોપસિંહ સોલંકીની ધારદાર રજૂઆતને ધ્યાને રાખીને સાલમભાઈ ડાભી,શનાભાઇ ડાભી, અભેસિંહ ડાભી, રાકેશ ડાભીના આગોતરા જામીન અનેક શરતોના આધીન સેશન્સ કોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવ્યા હતા. આગોતરા જામીન મેળવેલ સાલમસિંહ દ્વારા તેમની સામે નોંધાયેલ ફરિયાદની તટસ્થ તપાસ થાય તે માટે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવામાં આવનાર હોવાનું ચર્ચાઇ રહયું હતું.

## હાલોલ વિસ્તારમાં હોટલ અને ગેસ્ટ હાઉસના ચેકીંગ દરમિયાન બે હોટલમાં PATHIK સોફ્ટવેરનો ઉપયોગ નહિ કરતાં જાહેરનામા ભંગ સંચાલકો સામે SOG પોલીસે કાર્યવાહી કરી



હાલોલ,

ગોધરા એસ.ઓ.જી. શાખા દ્વારા હાલોલ વિસ્તારમાં હોટલ અને ગેસ્ટ હાઉસમાં ચેકીંગ હાથ ઘરવામાં આવ્યું હતું. જેમાં બે ગેસ્ટ હાઉસમાં સરકારે જાહેર કરેલ PATHIK સોફ્ટવેરના ઉપયોગ નહિ કરતાં સંચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવા પામી છે.

રાજયમાં વિધાનસભા ચુંટણીના પડઘમ તેજ થઈ રહ્યા હોવાથી ત્યારે રાજકીય વ્યકિતઓની મુલાકાતો થતી હોય ત્યારે પંચમહાલ જીલ્લામાં હોટલ, ગેસ્ટ હાઉસોમાં સંદિગ્ઘ વ્યકિતઓની અવર–જવર ઉપર ધ્યાન રાખવા માટે પોલીસ તંત્ર સર્તક બન્યું છે. તેના ભાગરૂપે પંચમહાલ એસ.ઓ.જી. પોલીસ દ્વારા હાલોલ વિસ્તારમાં આવેલ હોટલ અને ગેસ્ટ હાઉસનું ચેકીંગ હાથ ઘરવામાં આવ્યું હતું. ચેકીંગ દરમિયાન કંજરી રોડ ઉપર આવેલ રાજ હોટલ એન્ડ ગેસ્ટ હાઉસ અને પાવાગઢ–હાલોલ રોડ ઉપર હોટલ તીર્થરાજ ગેસ્ટ હાઉસમાં PATHIK સોફ્ટવેર જે સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ હોય તે ઈન્સ્ટોલ નહિ કરી જાહેરનામાનો ભંગ કરતાં બન્ને હોટલના સંચાલકો વિરૂદ્ધ જાહેરનામા ભંગની ફરિયાદ નોંધાવામાં આવી.

## પંચમહાલ જિલ્લાનો પ્રધાનમંત્રી એપ્રેન્ટિસ ભરતી મેળો ૧૦ ઓકટોમ્બર ૨૦૨૨ના રોજ યોજાશે

ગોધરા,

પંચમહાલ જિલ્લા કક્ષાનો એપ્રેન્ટીસ ભરતી મેળો આઈ.ટી.આઈ કાલોલ અને આઈ.ટી.આઈ હાલોલ ખાતે આગામી તારીખ ૧૦ ઓક્ટોબરના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યાથી શરૂ થનાર છે. જેમાં જિલ્લાના વિવિધ એકમો તેઓની વેકેન્સી સાથે હાજર રહેશે. આ ભરતી મેળામાં આઈ ટી આઈ પાસ લાયકાત ધરાવતા ઉમેદવારો ભાગ લઈ શકે છે. આ મેળામાં જોડાવા ઈચ્છુક ઉમેદવારોને તેઓના જરૂરી પ્રમાણપત્ર અને તેની નકલો સાથે રૂબરૂ હાજર રહેવું. સદર ભરતી મેળામાં જોડાવા ઈચ્છુક ઉમેદવારો નીચે આપેલ લિંકમાં રાજ્ય ગુજરાત અને જિલ્લો પંચમહાલ પસંદ કરી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. https://dgt.gov.in/appmela2022/candidateregistration.php તેમ તાલીમ સંસ્થા ગોધરાના આચાર્ય એક અખબારી યાદીમાં જણાવેલ છે.

## પંચમહાલ જિલ્લામાં નવીન વાહનો માટે ૦૦૦૧ થી ૯૯૯૯ સુધીની સિરીઝ લેવા અરજીઓ મંગાવવામાં આવી

ગોધરા,

પંચમહાલ જિલ્લાની મોટરીંગ પબ્લીકને જણાવવામાં આવે છેકે, પ્રાઈવેટ સ્કુટર/મોટર સાયકલ વાહનો માટે તા.૧૮/૧૦/૨૦૧૨ના રોજ જીજે–૧૭ સીડી ૦૦૦૧ થી ૯૯૯૯ સુધીના નંબરની નવી નોન ટ્રાન્સપોર્ટ સીરીઝ શરૂ કરવામાં આવનાર છે, જેમાં પસંદગીના નંબરો મેળવવા માંગતા અરજદારોએ ઓનલાઇન અરજી કરવાની રહેશે. અરજી કરવાની તારીખ–૧૩/૧૦/૨૦૨૨ સાંજના ૦૪:૦૦ કલાકેથી તા.૧૫/૧૦/૨૦૨૨ સાંજે ૦૩:૫૯ કલાક સુધીનો સમય રહેશે. અને બીડીંગ તા.૧૫/૧૦/૨૦૨૨ ના સમય સાંજના ૦૪:૦૦ કલાકથી તા.૧૭/૧૦/૨૦૨૨ સાંજના ૦૪:૦૦ કલાક સુધીનો રહેશે. ત્યારબાદ તા.૧૮/૧૦/૨૦૨૨ ના રોજથી પસંદગીના નંબરોની ફાળવણી કરવામાં આવશે. સદર પસંદગીના નંબરોની અરજી કરવા માટે વેબસાઈટ https://parivahan.gov.in/fancy/ છે. પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા અરજદારોએ તેઓના વાહનનો કર ભર્યા તારીખથી દિન–૭ (સાત)ની અંદર ઉપરોક્ત દર્શાવિલ વેબસાઈટ ઉપર જઈ ઈગઅ ફોર્મ ભરવું ફરજીયાત છે. જો અરજદાર સદર ઈગઅ ફોર્મ ભરવાનું ચૂકી જશે તો પસંદગીનો નંબર મેળવવા માટે યોગ્યતા ઘરાવશે નહી.જેની ખાસ નોંધ લેવા જણાવવામાં આવે તેમ ઇ.ચા.પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી ગોધરા એક અખબારી યાદીમાં જણાવેલ છે.

## જાહેર વિજ્ઞપ્તિ

### પાનમ જળાશય યોજના આધારિત મુખ્ય નહેરને સિંચાઈ માટે રવિ ઋતુ ૨૦૨૨ દરમ્યાન વહેવડાવવાનું આયોજન.

**પાનમ પિયત વિસ્તારના લાભિત સિંચાઈકારો તથા મંડળીઓ જોગ.**

"સહભાગી સિંચાઈ વચવસથા એટલે ખેડૂતોની, ખેડુતો માટેની, ખેડૂતો દ્વારા ચાલતી વ્યવસ્થા"
"ચાલો આપણે સહભાગી સિંચાઈ વચવસ્થાને સફળ બનાવીએ"
"જળ બચાવો જીવન બચાવો, ટપક પદ્ધતિ અપનાવો"

આથી પાનમ જળાશય યોજનાના ખેડૂત–ખાતેદારો તથા મંડળીઓ જોગ જણાવવાનું કે, ચાલુ વર્ષ ૨૦૨૨–૨૩ દરમ્યાન અત્રેની પાનમ યોજનાની નહેરો દ્વારા રવિ ઋતુ ૨૦૨૨–૨૩ માટે ડીસ્ટ્રીબ્યુટરી/માઈનોર/સબમાઈનોરમાં રોટેશનના નક્કી થયેલ તબક્કા મુજબ પાનમ મુખ્ય નહેરમાં નહેર ચાલુ બંધ રાખી તા.૩૦/૧૧/૨૦૨૨ સુધી પાણી આપવાનું આયોજન નીચેની શરતોને આધિન કરેલ છે. ત્યારબાદ પાનમ ડેમમાં બાકી રહેલ જથ્થાની ગણતરી કરીને યોજનાની થતી સિંચાઇ સલાહકાર તા.૩૦/૧૧/૨૨ ની મિટિંગને આધીન ડિસેમ્બર–૨૦૨૨ તથા જાન્યુઆરી–૨૦૨૩ માં પાણી આપવા માટેનો નિર્ણય લેવામાં આવશે.

**પાનમ મુખ્ય નહેરમાં નહેર ચાલુ/બંધ રાખવાનો/રોટેશનનો સમયગાળો**

**રવિ-૨૦૨૨-૨૩માં પાનમ જળાશયમાં સિંચાઈ દરમ્યાન પાનમ મુખ્ય નહેરમાં નહેર ચાલુ/બંધ રાખવા અંગેનું આયોજન**

| નહેરનું નામ | નહેરમાં પ્રવાહ વહેવડાવવાનો સમયગાળો | | | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| પાનમ મુખ્ય નહેર | ૦૭-૧૦-૨૦૨૨ | થી | ૩૦-૧૧-૨૦૨૨ | રવિ સિંચાઈ અર્થે |

શરતો :–

૧. પિયત મંડળી વિસ્તારમાં પાણી આપવાની અગ્રીમતા આપવામાં આવશે.
૨. પિયત મંડળી વિસ્તારમાં જે ખેડૂતો સભ્ય થયેલ નથી. તેઓશ્રીએ પાણીની વહેંચણી મંડળીના પરામર્શમાં કરવાની રહેશે.
૩. રવિ મોસમ ૨૦૨૨–૨૩ના સિંચાઇ માટે પાણી મેળવવાની અરજી સ્વિકારવાની છેલ્લી નિર્ધારીત તા.૧૫/૧૧/૨૦૨૨ છે. જયારે તે મુજબ સિંચાઇકારોએ સબંધિત કચેરીમાં અરજી સાદર કરવાની રહેશે. નિર્ધારીત તારીખ બાદ મળેલ અરજી બાબતે નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.
૪. જે ખેડૂતોએ સિંચાઇનું ફોર્મ ભરેલ નહીં હોય તેવા ખેડૂતોને પાણી આપવામાં આવશે નહી અને બિનઅધિકૃત રીતે પાણી લેવામાં આવશે તો નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.
૫. ખેડૂતોએ પિયાવો સમયસર ભરી દેવાનો રહેશે.
૬. જે માઈનોર ઉપર ૪૦% કરતાં ઓછા ફોર્મ આવેલ હશે તે નહેરોમાં પાણી વહેવડાવવામાં આવશે નહી.
૭. દરેક રોટેશન દરમ્યાન બાગાયતદારોને આપવામાં આવેલ સિંચાઇનું પાણી પ્રતિપ્રાણ/હેકટર પ્રમાણે આકારણી કરવામાં આવતી હોય પાણીનો કરકસર યુકત ઉપયોગ કરવા વિનંતી છે.
૮. ફિલ્ડ ચેનલની સાફ–સફાઇ તેમજ મરામત સિંચાઇકારોએ જાતે અગાઉથી કરીને પાણીનો બગાડ અટકાવવા વિનંતી છે.
૯. રોટેશનની તારીખમાં શક્ય હશે ત્યાં સુધી કોઇ ફેરફાર કરવામાં આવશે નહિ, રોટેશન દરમ્યાન ખેડુતોએ તારીખ પ્રમાણે જરૂરીયાતનુસાર સિંચાઇનું પાણી મેળવી લેવાનું રહેશે. આકસ્મિક સંજોગોમાં નહેર વહેવડાવવા માટે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાયતો ફેરફાર થયેલ નહેર વહેવડાવવાનો પ્રોગ્રામ સ્થાનિક કચેરીએથી મેળવી લેવાનો રહેશે.
૧૦. બાગાયતદારોએ તેમનો વારો ન આવેલ હોય, તેમ છતાં જાતે નહેરમાંથી પાણી લેવાનો પ્રયત્ન ન કરવો. સિંચાઇ વિભાગના ક્ષેત્રિય અધિકારી/કર્મચારીઓ દ્વારા રોટેશન દરમ્યાન અધિકૃત બાગાયતદારોને પાણી આપવામાં આવશે.
૧૧. નહેરમાંથી પાણીની વિતરણ વ્યવસ્થા માટે સિંચાઇ વિભાગના અધિકારી/કર્મચારીઓને સાથ સહકાર આપવા વિનંતી.
૧૨. ડીસ્ટ્રીબ્યુટરી, માઇનોર/સબમાઇનોરનો રોટેશન પ્રોગ્રામ સ્થાનિક કચેરીએથી મેળવી લેવાનો રહેશે.
૧૩. ઢાળિયાની સાફસફાઈ, મરામત દેખભાળ બાગાયતદારોએ જાતે કરવાની રહેશે. જેમાં વિભાગ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહિ.
૧૪. ડેમમાં પાણીનો જથ્થો ઓછો હોય પિયત મંડળી/ખાતેદારોએ કરકસર પૂર્વક પાણીનો ઉપયોગ કરવાનો રહશે.
૧૫. ડેમમાં પાણીનો જથ્થો ઓછો હોય, ઓછા પાણીથી થતાં પાકો જેવા કે ચણા, રાયડો જીરૂ, ઘાસચારો વગેરે જેવા કરવાના રહેશે, વધુ પાણીની જરૂરિયાતવાળા પાકો કરવાના રહેશે નહીં.
૧૬. ઢાળિયા/ચેનલ લીકેજની જવાબદારી વિભાગની રહેશે નહીં.

માહિતી/ગોધરા/૬૧૪/૨૦૨૨

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
પટેલ સ્વરૂપસિંહ સોરમસિંહ
તરફથી અભીનંદન....
મુ. ફુલપુરા ભગતફળીયું અવંતિ
હનુમાન મંદિર સામે-ડાંગરીયા,
તા. દે.બારીઆ,
જી. દાહોદ